૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૪,૨૫૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૨-૦૯-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૦૩-૦૯-૨૦૨૪ મંગળવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ શ્રાવણ વદ ૩૦ વર્ષ : ૨૮ અંક ૩૨૬

### તંદુરસ્ત સમાજના નિર્માણ માટે પુજય શ્રી મોટાભાઇ ગાંધીના સ્મરણાર્થે અમરેલીના નેત્ર ચિકીત્સા ટ્રસ્ટની અનુકરણીય પહેલ

# અમરેલીમાંથી 'માં યાત્રા' નો શુભારંભ કરાવતા શ્રી રૂપાલા

**માં યાત્રાનું સાંસદશ્રી પરશોતમ રૂપાલા દ્વારા ડો. જયદેવ ધામેલીયા તથા શ્રી દિલીપ સંઘાણી, શ્રી અશ્વીન સાવલીયા, શ્રી ભરત ચૌહાણ, શ્રી વનરાજ કોઠીવાળની ઉપસ્થિતીમાં પ્રસ્થાન કરાવાયું**

**ગર્ભસ્થ માતાઓનું ફ્રી માં હેલ્થ ચેકઅપ, પ્રસુતી માટે ફ્રી એમ્બ્યુલન્સ સેવા, ૯ મહિના માતાઓનું મફત ચેકઅપ અને સોનોગ્રાફીનો પ્રારંભ : માતા-બાળકની તંદુરસ્તી માટે માં પોષણ કીટ અપાશે**



અમરેલી,અમરેલીમાં નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ સંચાલિત મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ દ્વારા અમરેલીથી સેવાના ભેખધારી પૂજય મોટાભાઈ ગાંધીના સ્મરણાર્થે માં યાત્રાનો શુભારંભ થયો છે. આજે એનસીટી ખાતે થી માં યાત્રાનું પુર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદશ્રી પરશોતમ રૂપાલા દ્વારા કેન્ડોર આઈવીએફ સેન્ટર સુરતના ડો. જયદેવ ધામેલીયા તથા ઈફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણી, અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વીન સાવલીયા, અવધ ટાઈમ્સના તંત્રી શ્રી ભરત ચૌહાણ, જિલ્લા સંઘના પ્રમુખ શ્રી જયંતીભાઈ પાનસુરીયા, તાલુકા પંચાયતના પુર્વ પ્રમુખ શ્રી વનરાજભાઈ કોઠીવાળ, અમરેલીના કેળવણીકાર શ્રી બીપીન જોષી ની ઉપસ્થિતીમાં માં યાત્રાના માટે તૈયાર કરાયેલા વાહનને પ્રસ્થાન કરાવાયું હતુ.

આ પ્રસંગે શ્રી પરશોતમ રૂપાલાએ જણાવ્યું હતુ કે, અમરેલીના નેત્રચિકીત્સા ટ્રસ્ટે આ ઉતમ કાર્ય કરી અને અમરેલીના સેવા માટે આીવન સર્મપીત રહેનારા સ્વ. મોટાભાઈ ગાંધીને સાચી શ્રધ્ધાંજલી આપવા સાથે અમરેલીની

(અનુ. પાના નં.૩)

ફીલ્ડ એક્ઝીક્યુટીવ જોઈએ છે
ધારી, બગસરા, લાઠી, દામનગર
એરીયાના જાણકાર ફિલ્ડના કામ માટે
ટુવ્હીલર જરૂરી, HSC પાસ, એન્ડ્રોઈડ ફોન જરૂરી
7383757277

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
LIC
સતત 5th Times
C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ. ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮



# અમરેલીનાં ગામોમાં ગામ સડક યોજનામાં ૮૫૦ લાખ મંજૂર કરાવતા શ્રી કૌશિક વેકરીયા

**બાબાપુર, તરવડા, મેડી, સરંભડા સહિતના ગ્રામ્ય માર્ગોનો સમાવેશ કરાવતા નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરીયા**

અમરેલી, અમરેલી જિલ્લાના પંચાયત હસ્તકના બાબાપુર તરવડા મેડી સરંભડા રોડ - (૮.૩૦ કિમી )ને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત વાઈડનિંગ , માટીકામ, મેટલકામ, સી.સી , સી. ડી. વર્ક અને ડામરકામ માટે અંદાજીત ૮૫૦ લાખ મંજૂર નવો જોબ નંબર ફાળવવામાં આવ્યો છે. અમરેલી જિલ્લાના યુવા અને કર્મઠ ધારાસભ્યશ્રી અને સરકારના

(અનુ. પાના નં.૭)

ડો. ભગીરથ બી. વાળા
B.D.S. (ડેન્ટલ સર્જન)
PGDCC (કોસ્મેટીક)
FAD (એસ્થેટીક)
+91 84600 38303
Divy
અર્થ દાંતની હોસ્પિટલ
કોસ્મેટીક & ઈમ્પ્લાન્ટ સેન્ટર
જડબામાં સ્ક્રૂ વડે ફિક્સ દાંત / ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર :
- સડી ગયેલ દાંતને બચાવવાની સારવાર.
- દાંતને વધુ સડતો અટકાવવાં દાંતના કલરનું ફીલીંગ.
- દાંતમાંથી નીકળતા લોહી, મોંઢાની દુર્ગંધ તેમજ પાન -મસાલાનાં દાગને દુર કરવા માટે દાંતની સફાઈ.
- પાણીનાં દાગ તેમજ પીળા પડી ગયેલ દાંત માટે બ્લીચીંગ.
- દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
- દાંત પર લગાવાતું કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
- દુ:ખાવા વગર દાંત કાઢવાની સુવિધા.
- નાના બાળકોના તમામ દાંત અને પેઢા
- ઓછા ખુલતા મોંઢાની સારવાર.
- પેઢાની સર્જરી.
પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળ સામે, અમરેલી.

### દુ:ખદ અવસાન / બેસણું



**સ્વ. રવજીભાઇ ડુંગરભાઇ ચોવટીયા**
**સ્વ. તા. ૨૯-૦૮-૨૦૨૪, ગુરૂવાર**

દિલગીરી સાથ જણાવવાનું કે મારા પિતાશ્રી સ્વ.રવજીભાઇ ડુંગરભાઇ ચોવટીયા (ઉ.વ.૭૬) શ્રાવણ વદ ૧૧ ને ગુરૂવાર તા.૨૯-૦૮-૨૦૨૪ ના રોજ ગૌલોકવાસ પામ્યા છે.

-:: સદગતનું બેસણું ::-

તા.૦૫-૦૯-૨૦૨૪ ને ગુરૂવારના રોજ
સવારે : ૦૮:૦૦ કલાકથી સાંજના ૦૬:૦૦ કલાક સુધી રાખેલ છે.
સ્થળ : ''અનુગ્રહ'' રામનગર, શેરી નં.૪,
બ્રાહ્મણ સોસાયટી, લાઠી રોડ, અમરેલી

લી. અરવિંદભાઇ રવજીભાઇ ચોવટીયા
મો.૯૯૭૯૩ ૫૧૬૪૫, ૯૮૨૫૧ ૬૮૯૬૬
વિઠલભાઇ બાબુભાઇ ચોવટીયા
કનુભાઇ ભીખુભાઇ ચોવટીયા
ચોવટીયા પરિવારના જયશ્રી કૃષ્ણ - અમરેલી

ફ્રી ઓપરેશન... શ્રેષ્ઠ સારવાર... આધુનિક સુવિધા....
ફ્રી ઓપરેશન




ફ્રી ડાયાલીસીસ સારવાર
દુરબીનથી ઓપરેશન (લેપ્રોસ્કોપિક એન્ડ એન્ડોસ્કોપિક સર્જરી) ફ્રી
પથરી, પ્રોસ્ટેટ, કીડનીના રોગો તથા એપેન્ડીક્ષ, પિતાશય વગેરેના લેપ્રોસ્કોપિક તથા એન્ડોસ્કોપિક પધ્ધતિ દ્વારા ઓપરેશન
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરિયા રોડ,નાગરિક બેંકની બાજુમાં, અમરેલી.
ફોન:(૦૨૭૯૨) ૨૨૨૨૨૩ મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

### ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી



**સ્વ. સામતભાઇ ખોડાભાઇ રાતડીયા**
**(પ્રમુખશ્રી : ખંભાળા સેવા સહકારી મંડળી લી.)**
**સ્વ. તા. ૨૮-૦૮-૨૦૨૪, બુધવાર**

અમારી સંસ્થા ખંભાળા સે.સ.મં.લી.ના પ્રમુખ તરીકે નિષ્ઠાથી પોતાની ફરજ બજાવનાર મંડળીના પ્રમુખ શ્રી સામતભાઇ ખોડાભાઇ રાતડીયા ના ઓચિંતા નિધનથી અમો ખુબ જ દુઃખની લાગણી અનુભવીએ છીએ. પરંતુ ઇશ્વર ઇચ્છા બળવાન. પરમાત્મા તેઓના પરિવારને આ વજ્રઘાત સહન કરવાની શક્તિ અર્પે અને દિવંગતના આત્માને પરમાત્મા મોક્ષ અર્પે એ જ અમારી પ્રાર્થના...

લી.
શ્રી ખંભાળા સેવા સહકારી મંડળી લી.
મુ.ખંભાળા, તા.બાબરા, જી.અમરેલી
કપિલભાઇ ઘનશ્યામભાઇ પંડયા (મંત્રીશ્રી)
તથા મંડળીના તમામ ડિરેક્ટરશ્રીઓ

### ૨૧ મી વાર્ષિક પૂણ્યતિથીએ
## ભાવવંદના



**સ્વ. દેવરાજભાઈ ગોવિંદજીભાઈ ચૌહાણ**
અમરેલી : સ્વ. તા. ૩-૯-૨૦૦૩,

આપના અવિરત પરિશ્રમ અને આયુષ્ય ભરની લોક સેવાની અહાલેક, પ્રજાલક્ષી પત્રકારત્વની જયોત અને ઉદાર ચરિત સ્વભાવના ઉમદા વારસા સાથે જે પથ પર અમો યાત્રા કરીએ છીએ ત્યા ડગલે ને પગલે પામીએ છીએ આપના પૂણ્યશ્લોકી આશિર્વાદનો પ્રસાદ....

લી.
રોમીલ ચૌહાણ — ભરત ચૌહાણ
શ્યામ ચૌહાણ — કિશોર ચૌહાણ
વૈભવ ચૌહાણ — વિજય ચૌહાણ
વિવાન ચૌહાણ
અવધ ટાઇમ્સ પરિવાર

Sheetal
We are HIRING!
REPORTING MANAGER & TELECALLER
(Must have computer knowledge)
Number of position : 02
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
BACK OFFICE ASSISTANT
(Must have tally account knowledge)
Number of position : 01
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
Ready to take your sales career to new heights?
PLEASE SEND YOUR CV
+91 95109 59957
hr@scplco.com



POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...




14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

### ૪૦ વર્ષથી સતત સામાજીક સેવા કરવા બદલ ભારતનો પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે એવોર્ડ મેળવનાર વતનના રતન ને બીરદાવતો પરજીયા સોની સમાજ

# અમરેલીમાં શ્રી વલ્લભભાઇ ધોરડાનું અદકેરુ સન્માન

**મુંબઇમાં છેલ્લા ચાલીસ વર્ષથી સમાજ સેવા કરી વિવિધ ક્ષેત્રમાં મહત્વનું યોગદાન આપનારા અમરેલીનાં હામાપુરના વતની અને પરજીયા સોની સમાજના ઘરેણા જેવા શ્રી વલ્લભભાઇ ધોરડાનું ભવ્ય સન્માન**

**વતનના રતનની નોંધ લઇ અને અવધ હેરિટેજ રિસોર્ટ ખાતે તેમના સન્માનનું આયોજન કરનાર શ્રી ભરતભાઇ ચૌહાણનું પણ મુંબઇ, ગારીયાચાર, રાજકોટ, ભાવનગરના આગેવાનો દ્વારા સન્માન કરાયું**












અમરેલી,(ફીલ્ડ રિપોર્ટર)

અમરેલી જિલ્લાના વતનના રતન અને મુંબઈના પરજીયા સોની સમાજના અર્ધી રાતના હોંકારા ગણાતા દાતા, અગ્રણી વેપારી શ્રી વલ્લભભાઈ ધોરડાનું છેલ્લા ૪૦ વર્ષથી સમાજ સેવા કરવા બદલ દેશના પ્રતિષ્ઠીત ગણાતા દાદાસાહેબફાળકેભારત ગૌરવ સન્માન એવોર્ડથી મુંબઈમાં સન્માન કરવામાં આવતા અમરેલીમાં અવધ હેરિટેજ રિસોર્ટ ખાતે પરજીયા સોની સમાજ દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતુ.

જેમના માટે ભલભલા કલાકારો તરસતા હોય તેવા ભારતીય સીને જગતના માનભર્યા દાદાસાહેબ ફાળકે એવોર્ડ મેળવનાર શ્રી વલ્લભભાઈના વતન અમરેલી જિલ્લામાં આનંદની લાગણી છવાઈ હતી અને આ લાગણીને વ્યકત કરવા માટે અવધ હેરિટેજ રિસોર્ટ ખાતે શ્રી ભરતભાઈ ચૌહાણ દ્વારા શ્રી વલ્લભભાઈ ધોરડાનું ભવ્ય સન્માન કરવાનું આયોજન કરવામાં આવેલ હતું.

સાથે સાથે અવધ ટાઈમ્સ પરિવારનાં મોભી શ્રી ભરતભાઈ ચૌહાણનાં આંગણે પુત્ર શ્રી રોમિલ ચૌહાણને ત્યાં જન્માષ્ટમીએ પુત્ર જન્મનો પણ અવસર આવ્યો હોય કુળદિપકનાં આગમનથી આનંદિત ચૌહાણ પરિવાર અને અવધ ટાઈમ્સ પરિવારનાં ખુશીના આ બમણા અવસરે અમરેલી ઉપરાંત મુંબઈ, ગારીયાચાર, રાજકોટ, ભાવનગરના પરજીયા સોની સમાજના આગેવાનોએ શ્રી ભરતભાઈ ચૌહાણ તથા શ્રી રોમિલ ચૌહાણ પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

મુંબઈ સોનીવાડીના ચેરમેન રહી ચુકેલ પરજીયા સોની સમાજના મોભી શ્રી વલ્લભભાઈ ઝવેરી સીનીયર સીટીઝન હોવા છતા યુવાનોને શરમાવે તે પ્રકારે સમાજ સેવા કરી સૌને પ્રેરણા આપી રહયા હોય તેમનું અમરેલી ઉપરાંત મુંબઈ, ગારીયાચાર, રાજકોટ, ભાવનગરથી પધારેલા પરજીયા સોની સમાજના આગેવાનોએ સન્માન કર્યુ હતુ.અને વતનના રતનની નોંધ લઈ અને અવધ હેરિટેજ રિસોર્ટ ખાતે તેમના સન્માનનું આયોજન કરનાર શ્રી ભરતભાઈ ચૌહાણનું પણ અમરેલી ઉપરાંત્ત મુંબઈ, ગારીયાચાર, રાજકોટ, ભાવનગરના આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

અવધ હેરીરેજ રિર્સોટ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મુંબઈથી ખીલોરીવાળા શ્રી હિતેશભાઈ ધાણક, શ્રી રાજુભાઈ સતિકુવર સાવરકુંડલાવાળા, શ્રી આશિષભાઈ સતિકુવર, શ્રી નગીનભાઈ ધકાણ જુનાગઢ તથા શ્રી મનિષભાઈ સતિકુવર રાજકોટ તથા નિલેશભાઈ સતિકુવર મુંબઈ અને ધકાણ પરિવાર ક્રાંકચનાં પ્રમુખ શ્રી હિતેષભાઈ ધકાણ ગારીયાધાર અને રાજકોટથી શ્રી સુરેશભાઈ ધોરડા કુંદણીવાળા, શ્રી સુખાભાઈ રાઠોડ વેરાવળવાળા, શ્રી જયંતિભાઈ સુરૂ, શ્રી હિંમતભાઈ ધોરડા, શ્રી અશ્વિનભાઈ ધોરડા, શ્રી ભરતભાઈ પટ્ટ, શ્રી ધર્મેન્દ્ર પટ્ટ, ભાવનગરથી શ્રી હરેશભાઈ ધાણક, તથા અમરેલી પરજીયા સોની સમાજનાં શ્રી અનુભાઈ થડેશ્વર, શ્રી દિનેશભાઈ સાગર, શ્રી દિનેશભાઈ ધકાણ, શ્રી રાજુભાઈ સાગર, શ્રી ચેતનભાઈ ધકાણ, શ્રી પરેશભાઈ થડેશ્વર (દકાભાઈ), શ્રી ભરતભાઈ ચોક્સી, શ્રી ગોપાલભાઈ ધોરડા, શ્રી મેહુલભાઈ પોલરા, શ્રી કિરણભાઈ નાંઢા, શ્રી પાર્થ ધીરૂભાઈ ઝગડા, શ્રી ભાસ્કર ધકાણ, શ્રી કિરીટભાઈ લુહાર, શ્રી અનિલભાઈ થડેશ્વર, શ્રી ભાવેશભાઈ થડેશ્વર સહિત આગેવાનો, યુવા ગૃપએ ઉપસ્થિત રહી શ્રી વલ્લભભાઈનું સન્માન કર્યુ હતું.

## અમરેલીમાં એસીના આઉટરમાંથી કોપર પાઇપ ચોરીના ગુનામાં આરોપી ઝડપાયો

**અમરેલી જુના માર્કેટયાર્ડની દુકાનો બહાર બનેલી ચોરીની ઘટના**

અમરેલી, અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી કે.એલ.ખટાણાની રાહબરી હેઠળ આજરોજ અમરેલી સીટી પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૩ ૨૪૦૫૨૬/૨૦૨૪૮૫૫૫ કલમ ૩૦૩ (૨) મુજબના ગુન્હાના કામે અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા સી.સી.ટી.વી. ફુટેઝ આધારે કમાન્ડ કંટ્રોલ સેંટર નેત્રમ, અમરેલીના સહયોગથી સી.સી.ટી.વી. ફુટેઝનો સઘન અભ્યાસ કરી ટેક્નિકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી અમરેલીના લાઠીરોડ, યોગીનગર વિસ્તારમાંથી આરોપી રાકેશભાઈ વસંતભાઈ સોલંકીને ચોરી કરેલ તમામ મુદ્દામાલ એ.સી.ની કોપર પાઈપ સાથે પકડી પાડી ચોરીના અનડીટેક્ટ ગુન્હાને ગણતરીની કલાકોમાં ડીટેક્ટ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે તથા આગળની તપાસ ચાલુ છે.

## લાઠીના ભુરખીયામાં મોટરસાયકલ ચોરીનો ગુનો ડિટેક્ટ

અમરેલી, લાઠી પો.સ્ટે.ના ભુરખીયા ગામે આવેલ હનુમાનજી મંદિરની બહાર ગ્રાઉન્ડમાંથી હિરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મો.સા. રજી.નં. ્વ-૦૧-્મઘ-૩૬૦૬ કિ.રૂા. ૧૦,૦૦૦/-ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી ગુન્હો આચરી નાસી ગયેલ હોય અને આ કામે ફરિ. ની ફરિયાદ આધારે લાઠી પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૩૦૩૪૨૪૦૨૨૯/૨૦૨૩ આઈપીસી કલમ ૩૦૩(૨) મુજબનો ગુન્હો તા. ૨૯/૦૮/૨૦૨૪ના કલાક ૧૮/૩૦ વાગ્યે રજી. થયેલ હતો. જે ગુન્હાના કામના આરોપીને અંગત બાતમીરાહે ચોરીમા ગયેલ મોટર સાયકલ સાથે ગુનાહિત ઈતિહાસ ધરાવતા એક ઈસમને પકડી પાડી અનડીટેકટ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલતી લાઠી પોલીસ સર્વેલન્સ ટીમે આરોપી ગોવિંદ ઉર્ફે ગોયો દેવસીભાઈ પરમારને પકડી પાડી એક હિરો હોન્ડા સ્પલેન્ડર કિ.૧૦ હજારનું કબ્જે કરેલ છે.

## બગસરામાં શ્રાવણ માસનાં છેલ્લા દિવસે પિતૃ તર્પણ કરીને ધન્યતા અનુભવતા ભાવિકો



બગસરા, (સમીર વિરાણી) બગસરા ભુતનાથ મંદિર તથા બગસરા નજીક આવેલ કોટડા સોની સમાજ દ્વારા આ ભાદરવી અમાસના દિવસે ભવ્યથી ભવ્ય કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જેમાં જીતુભાઈ (લાલભાઈ) ધારીવાળા દ્વારા સમગ્ર કાર્યક્રમ રચવામાં આવ્યું હતું . આ મંદિરના જેમાં શોભાયાત્રા ગત રાત્રિના નામી કલાકાર સુનિલ સોની નો ભવ્ય લોક ડાયરો કાથડ આપા હમીર આપા વાલેરા આપા ના સાનિધ્યમાં વિશાલભાઈ ધકાણ આપા મનીષભાઈ ધકાણ આપા દ્વારા આયોજન ભવ્ય મહાપ્રસાદ નું આયોજન કરાયું તેમજ બગસરામાં ભુતનાથ મંદિરે આસપાસના ભક્તજનો દ્વારા પીપળે પાણી રેડીને ભાદરવી અમાસ પિતૃકાર્ય કરી ધન્યતા અનુભવી હતી.

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ
માત્ર
રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag
Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો. ૯૦૩૩૨ ૬૦૦૫૨

આંખોને ખુબ જ લાભકારી આયુર્વેદિક ટીપા
કે જેનાથી ચશ્મા, મોતિયો, વેલ, છારી વગેરેમાં તત્કાલ રાહત મળે છે. તેવા આ ટીપાનો દરેક વિસ્તારમાં લોકોને લાભ મળે તે માટે ઘેર - ઘેર જઇ ટીપા આંજી આપે તેવા
ભાઇઓ - બહેનોની જરૂર છે
પગાર કલાકના રૂા.૭૦ + ૩૦ રૂા. કમીશન
લી. વિનુભાઇ છાશવાળા મુ. અમરેલી
મો.૯૪૨૭૪ ૨૯૨૬૧, ૯૬૬૪૬ ૮૯૮૬૬

બે માળનું મકાન વેચવાનું છે
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે, સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ કનેકશન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫

રોડ ટચ બ્લોક વેચવાના છે
અમરેલીમાં ગોપી ટોકીઝ રોડ, મોટા બસ સ્ટેન્ડ પાસે ૨ (બે) બ્લોક વેચવાના છે
(દલાલ ભાઇઓ આવકાર્ય છે)
-:: સંપર્ક ::-
મો.૯૫૫૮૬ ૮૮૩૦૯, ૯૪૨૬૪ ૧૨૫૦૫

# સ્વ. મોટાભાઇ ગાંધીને આ સાચી શ્રધ્ધાંજલી છે : શ્રી રૂપાલા













**પહેલા પાનાનું**

**યાત્રાનો શુભારંભ**

જનતાની સેવા માટે ઉતમ કક્ષાની સેવાનો પ્રારંભ કર્યો છે. અને આ કાર્યમાં અમારો સંપુર્ણ સહકાર રહેશે અને દરેકે આવા કાર્યોમાં સહકાર દેવો જોઈએ.તેમ કહી તેમણે સ્વ. મોટાભાઈ ગાંધીની સ્મૃતિને યાદગાર રાખવા બદલ નેત્ર ચિકીત્સા ટ્રસ્ટના શ્રી અર્પણ જાનીને બીરદાવ્યા હતા.

આ મા યાત્રા થી ગર્ભસ્થ માતાઓનું ફ્રીમાં હેલ્થ ચેકઅપ, પ્રસુતી માટે ફ્રી એમ્બ્યુલન્સ સેવા, ૯ મહિના માતાઓનું મફત ચેકઅપ અને સોનોગ્રાફીનો પ્રારંભ થયો છે.આ યાત્રા દરમિયાન માતા-બાળકની તંદુરસ્તી માટે માં પોષણ કીટ અપાશે અને યાત્રામાં રથ ગામડે ગામડે પહોંચીને ગર્ભસ્થ માતાઓનું વિનામુલ્યે હેલ્થ ચેકઅપ કરી અપાશે. ડીલેવરી દરમિયાન ફ્રી એમ્બ્યુલન્સ સેવા, નવ મહિના સુધી માતાઓનું મફત તબીબી ચેકઅપ અને સોનોગ્રાફી કરી અપાશે તેમજ ગર્ભસ્થ માતાઓ માટે અમુલ્ય એવી માહિતી માર્ગદર્શન પુસ્તીકા વિનામુલ્યે અપાશે.

## પૂ. સ્વ. મોટાભાઇ ગાંધીના સ્મરણાર્થે માં યાત્રામાં સગર્ભા બહેનોને અસંખ્ય લાભો

### માં યાત્રામાં વિવિધ વિમા કંપનીઓની સારવાર પણ કેસલેશ કરી અપાશે



અમરેલી,

અમરેલી નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશયાલીટી હોસ્પિટલ દ્વારા પૂ.મોટાભાઈ ગાંધીના સ્મરણાર્થે માં યાત્રાનું આયોજન થયુ છે તેમાં રજીસ્ટ્રેશન કરાવનાર સગર્ભા બહેનોને અસંખ્ય લાભો આપવામાં આવે છે. રજીસ્ટ્રેશનની ફી માત્ર ૫૦૦ રૂપીયા રાખી છે અને રજીસ્ટ્રેશન કરાવનાર બહેનોને એક ઓળખપત્ર પણ આપવામાં આવશે. સગર્ભા બહેનોને ૯ માસ સુધી દર માસે નિઃશુલ્ક ચેકઅપ અને ફ્રી સોનોગ્રાફી તથા ૯ માસ સુધી ખોરાક અને ગર્ભ અંગેની કાળજી માટે પુસ્તીકા નિઃશુલ્ક અપાશે. રજીસ્ટ્રેશન કરાવનાર સ્વખર્ચે નોર્મલ પ્રસુતિ થનારનો શુલ્ક માત્ર ૪૫૦૦ રૂપીયા રહેશે. રજીસ્ટ્રેશન કરાવનાર સ્વખર્ચે નોર્મલ પ્રસુતિ થનારા સગર્ભા બહેનોને સુપર ડીલક્ષ એસી રૂમ માત્ર ૫૦૦ રૂપીયાના નજીવા દરે અપાશે સ્વખર્ચે સીજેરીયન પ્રસુતિનો ચાર્જ ૧૫ હજાર રહેશે. તેવા બહેનોને રૂા. ૨૦૦૦ ચાર્જવાળો સુપર એસી ડીલક્ષ રૂમ માત્ર ૫૦૦ રૂપીયાના ચાર્જમાં આપવામાં આવે છે. પ્રસુતિ પીડા સમયે નેત્ર ચિકિત્સા ટ્રસ્ટની એમ્બ્યુલન્સ નિઃશુલ્ક ઘર સુધી અપાશે. આયુષ્યમાન કાર્ડ અંતર્ગત મફતમાં સીઝેરીયન કરી અપાશે. તેમજ આ યોજનામાં ઈફકો ટોકીયો કેર, એકકો, મેડીએસીસ્ટ અને કેપીટલ સહિતની વિમા કંપનીઓ વિમા ધારકોની સારવાર તદન ફ્રી (કેશલેસ) કરી આપશે તેમ નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશયાલીટી હોસ્પિટલ દ્વારા જણાવાયુ છે.

### તંદુરસ્ત માતા અને બાળક માટે

## એનસીટીના ગાયનેક ડો. ચેતના મુરારકર બહેતર સેવાનું ઉમદા દ્રષ્ટાંત પુરુ પાડશે



### સૌથી સલામત રીતે પ્રસુતી માટે એનસીટીના ડૉ. ચેતના મુરારકરની ચોમેર ખ્યાતી છે

અમરેલી,

અમરેલી નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ દ્વારા પૂ.મોટાભાઈ ગાંધીના સ્મરણાર્થે માં યાત્રાનું આયોજન થયું છે પણ આ સમગ્ર કાર્યક્રમ બાદ હોસ્પિટલે આવતા દરેક કેસો અનુભવી એવા એનસીટીના ગાયનેક ડૉ. ચેતના મુરારકર પોતે સંભાળી અને બહેતર સેવાનું દ્રષ્ટાંત પુરુ પાડનાર છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, સમગ્ર અમરેલી જિલ્લામાં સૌથી સલામત રીતે પ્રસુતી માટે એનસીટીના ડૉ. ચેતના મુરારકરની ચોમેર ખ્યાતી છે અને તેમણે આ માં યાત્રાના અવસરે સેવાનું આ બીડુ ઉઠાવતા તેમની ઉપર પણ અભિનંદનનો વરસાદ થઈ રહયો છે.

### રાજય સરકાર દ્વારા મધ્યાહન ભોજન યોજનાઓ તો દરેક શાળાઓમાં ચાલે છે પણ

## અમરેલી જિલ્લામાં મધ્યાહન ભોજન માટે જથ્થો નથી

### પ્રાથમિક શાળામાં અલગ અલગ મેનું પ્રમાણે બાળકોને ભોજન મળી રહેતું

રાજુલા,

સરકાર શ્રી દ્વારા સુલભ હેતુ થી પ્રાથમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને બપોર નું ભોજન અલગ અલગ મેનુ પ્રમાણે નિયમિત રીતે પીરસાય છે જેને લીધે ગરીબ ભૂખ્યા બાળકો ને એક ટંક નું ભોજન મળી રહે છે બાળકો શાળા એ આવવા માટે પ્રેરાય છે પણ તંત્ર નાં અણઘડ વહિવટ તથા ટેકનિકલ ક્ષતી નાં કારણે આગામી દિવસોમાં અમરેલી જિલ્લાના મોટા ભાગના તાલુકા ના બાળકો ભોજન થી વંચિત રહે તેવી સ્થિતિ આ સપ્ટેમ્બર મહિના ની શરૂઆત થી સર્જાય એમ છે જે બાબતે તંત્ર ભરનીંદર માં છે.

હાસ્યાસ્પદ વાત એ છે કે, તાલુકા નાં અનાજ ગોડાઉન માં જથ્થો ઉપલબ્ધ તો છે પણ શાળા સુધી પહોંચાડવા સંચાલકો ને પરમીટ આપવામાં આવે છે એ હજી સુધી કચેરી માંથી જરૂરિયાત મુજબ ની ફાળવણી કરવામાં આવી નથી જેથી આવનારા દિવસોમાં અમરેલી જિલ્લા ની મોટા ભાગ ની પ્રાથમિક શાળા નાં બાળકો ભૂખ્યા રહી ભણશે.

મુદ્દે અમરેલી જિલ્લા મધ્યાહન ભોજન યોજના કર્મચારી મંડળ ના પ્રમુખ કમલેશ ભાઈ વરુ નો સંપર્ક સાધતા તેમણે જણાવ્યું કે જો વહેલાસર આ મુદ્દા નો ઉકેલ નહીં આવે અને કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં નહીં આવે તો અસરગ્રસ્ત તમામ કેન્દ્રો બંધ રહેશે અને તેની જવાબદારી સ્થાનિક તંત્ર ની રહેશે. આ અંગે નગરપાલિકાના માજી સભાપતિ અને વિદ્યાર્થીના આગેવાન એવા ચિરાગભાઈ જોશી એ જણાવ્યું છે કે અમારી પાસે એવી રજૂઆત આવી છે કે જિલ્લામાંથી જ પુરવઠો ઓછો ફાળવેલ હોય જેને કારણે વિદ્યાર્થીઓને ભોજન મળ્યું નથી પરંતુ અગરિયા વિસ્તારના બાળકો છે તેના વાલીઓ મજૂરીએ જતા હોય છે અને બાળકોને શાળામાં છોડીને જાય છે આવા બાળકો ભૂખ્યા રહી છે તેની જવાબદારી કોની આ પ્રશ્ન જિલ્લા કલેકટર પુરવઠા અધિકારી અને વહીવટી તંત્ર અને ધારાસભ્ય અને ચિરાગભાઈ જોશી એ રજૂઆત કરી છે.




**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં**

જન્મ નોંધ અરજી.રજી.નં.૨૯/૨૦૨૪

અરજદાર :- શ્રી જયંતિભાઈ મનસુખભાઈ આલગીયા રહે.નવા નરોડા, અમદાવાદ

અરજદારના વકીલશ્રી : કિરણભાઈ એસ.રીબડીયા રહે.દુ.નં.૧૦૧, પહેલો માળ, ગણેશ કોમ્પલેક્ષ, મામલતદાર કચેરી સામે, મહુવા રોડ, સાવરકુંડલા મો.૯૪૨૮૯ ૪૩૮૮૦

વિરૂધ્ધ....સામાવાળા :- તલાટીકમ મંત્રી વ જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી ગ્રામ પંચાયત કચેરી એકલેરા, તા.લીલીયા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના એકલેરા ગામના વતની શ્રી જયંતિભાઈ મનસુખભાઈ આલગીયાએ તેમનો પોતાનો જન્મ એકલેરા મુકામે તા. ૨૧-૦૧-૧૯૬૩ ના રોજ થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી જયંતિભાઈ મનસુખભાઈ આલગીયાના પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને.-૧૯૬૩ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૩-૦૯-૨૦૨૪ ના રોજ સવારના ૧૬.૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે. આજ તા. ૨૨-૦૮-૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યો.

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા**







**વોટરકુલર - વોટરડીસ્પેન્સર**



૨૪ વર્ષનો બહોળો અનુભવ...

દરેક પ્રકારનાં વોટરકુલર બનાવવા જોવા માટે આજે જ પધારો

તેમજ VOLTAS અને BLUE STAR કંપનીનાં વોટરકુલર અને ડીસ્પેન્સર મળશે

**તુલસી રેફ્રીજરેશન**

છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..

દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી

મો. ૯૪૨૬૨ ૮૭૦૯૭

**શ્યામ આંખની હોસ્પિટલ**

**ડો. કપિલ બી. વરૂ (M.S.)**

(આંખના સર્જન)

મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત

૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી

**અહીં ઉપલબ્ધ સુવિધા :**

- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર આંખના નંબરની યોગ્ય તપાસ કરવાનું અતિ આધુનિક PHOROPTER TOPCON મશીન(જાપાન)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર મોતીયાના ઓપરેશન માટે આધુનિક OERTLI ફેકો મશીન (સ્વીઝરલેન્ડ)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર નેત્રમણી (LENS) નું માપ લેવા માટે DGH મશીન (અમેરીકા)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર VINYL FLOORING અને AIR PURIFIER થી સજ્જ અધતન ઓપરેશન થીયેટર
- ઓપરેશન માટે ZEISS MICROSCOPE (જર્મની)
- ઝામરની તપાસ માટે I - CARE મશીન (ફીનલેન્ડ) અને AP-PLANATION મશીન (સ્પેન)
- આંખની સંપુર્ણ તપાસ માટે SLITLAMP TOPCON (જાપાન)
- આંખનું માપ લેવા માટે ઓટોમેટીક KR-1 (જાપાન) દરેક પ્રકારના મેડીકલેઇમની સુવિધા
- સ્પેશ્યલ તથા સેમી સ્પેશ્યલ રૂમની સુવિધા
- દવાઓ તથા આધુનિક ચશ્મા હોસ્પિટલમાં જ ઉપલબ્ધ

-: સ્થળ :-

**-: અમરેલી :-** સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦

**-: રાજુલા :-** શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૩-૦૯-૨૦૨૪ મંગળવાર

# માંડ ઠરેલા મોબલિંચિંગના ઉત્પાતથી ફરી કોમી એકતા ડહોળાઈ જવાનો ભય

ભાજપ શાસિત રાજ્યોમાં ગૌમાંસના નામે મોબ લિંચિંગનું ભૂત ફરી ધૂણ્યું છે. માત્ર ૨૪ કલાકના ટૂંકા ગાળામાં જ મહારાષ્ટ્ર અને હરિયાણામાં મોબ લિંચિંગની બે ઘટનાઓ બનતાં સૌ સ્તબ્ધ છે. બંને ઘટનામાં ભોગ બનનારા મુસ્લિમો છે અને બે ઘટનામાંથી એક ઘટનામાં તો કહેવાતા હિંદુ ધર્મના ઠેકેદારોએ જેને ફટકાર્યો તેનું મોત પણ થઈ ગયું.

હરિયાણાના ચરખી દાદરીમાં બંગાળથી મજૂરી કરવા આવેલા મજૂર સાબીર મલિકને કહેવાતા ગૌરક્ષકોએ માત્ર શંકાના આધારે એટલો ફટકાર્યો કે બિચારો મરી ગયો. સાબીર મલિકની સાથે બીજા એક મજૂરને પણ હિંદુત્વના બની બેઠેલા ઠેકેદારોએ ફટકારેલો પણ એ બચી ગયો ત્યારે મલિક ઝીંક ના ઝીલી શકતાં સીધો ઉપર પહોંચી ગયો. બીજી ઘટનામાં મહારાષ્ટ્રમાં ટ્રેનમાં મુસાફરી કરી રહેલા ૭૨ વર્ષના હાજી અશરફ નામના વૃદ્ધને ગૌમાંસ લઈ જતા હોવાની શંકાના આધારે ગાળાગાળી કરીને બેરહમીથી ફટકાર્યા. સદનસીબે તેમનો જીવ બચી ગયો પણ હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા છે. આ બંને ઘટના શરમજનક અને આઘાતજનક છે કેમ કે સાબીર મલિક કે હાજી અશરફ પાસે ગૌમાંસ હોવાના કોઈ પુરાવા વિના માત્ર મુસ્લિમ હોવાના કારણે શંકાના આધારે ટાર્ગેટ કરવામાં આવ્યા. સાબીર મલિક મજૂરી કરવા બંગાળથી હરિયાણાના ચરખી-દાદરી જિલ્લામાં આવીને રહેતો હતો. સાબીર મલિકે ગૌમાંસ ખાધું કે નહીં એ ખબર નથી પણ ૨૭ ઓગસ્ટે ગૌમાંસ ખાવાની શંકામાં સાબીરને ફટકાર્યો તેમાં એ ગુજરી ગયો એ હકીકત છે. ગૌરક્ષા દળના અભિષેક, મોહિત, રવિન્દર, કમલજીત અને સાહિલ નામના લોકોને સાબીર તથા તેના સાથીએ ગૌમાંસ ખાધું તેની માહિતી ગમે ત્યાંથી મળી હશે એટલે તેમણે સાબીર મલિકને પ્લાસ્ટિકની ખાલી બોટલો વેચવાના બહાને એક દુકાનમાં બોલાવ્યો હતો.

સાબીર પોતાના સાથી સાથે પહોંચ્યો એટલે દુકાનમાં પૂરીને તેને ઢોર માર માર્યો. કેટલાક લોકોએ તેમને રોકવા માટે પ્રયત્ન કર્યો તેમાં તો આરોપીઓ સાબીર મલિકને બીજી જગ્યાએ લઈ ગયા અને તેને ફરીથી માર માર્યો તેમાં સાબીર ગુજરી ગયો. સાબીરને મારનારા પાંચ લોકોમાં બે તો કિશોરો છે.

મહારાષ્ટ્રની ઘટના તેના કરતાં વધારે ગંભીર છે કેમ કે તેમાં સીટને મુદ્દે થયેલા ઝગડાને હિંદુત્વનો રંગ આપી દેવાયો. મુંબઈને અડીને આવેલા થાણે જિલ્લાના કલ્યાણમાં રહેતા ૭૨ વર્ષના વૃદ્ધ હાજી અશરફ મુનિયારે પોતાની દીકરીને મળવા માટે માલેગાંવ જવા માટે ધુલે એક્સપ્રેસ ટ્રેનમાં બેઠેલા. કેટલાંક લોકોએ પહેલાં ધુલે એક્સપ્રેસ ટ્રેનમાં સીટને મુદ્દે ઝઘડો કર્યો અને પછી ગૌમાંસ સાથે મુસાફરી કરવાનો આક્ષેપ મૂકીને ફટકાર્યા.

મુનિયાર પાસે પ્લાસ્ટિકના મોટા બોક્સમાં માંસ જેવું કંઈક નીકળ્યું તેમાં તો યુવકોનું હિંદુત્વ જાગી ગયું. હિંદુઓ માટે પવિત્ર શ્રાવણ માસ ચાલે છે ત્યારે એક મુસલમાન માંસ લઈને જઈ જ કઈ રીતે શકે એવા સવાલ કરીને તેમણે વૃદ્ધને ફટકારવાનો કાર્યક્રમ શરૂ કરી દીધો. આ ઘટનાનો વીડિયો વાઈરલ થયો છે. વીડિયોમાં ટોળું લાચાર વૃદ્ધ મુનિયારને ઘેરીને ફટકારે છે, ગાળો આપે છે અને દીકરી પર રેપ કરવાની ધમકી પણ આપે છે.

કલ્યાણ અને ઈગતપુરી સ્ટેશનો વચ્ચે બનેલી આ ઘટનાનો વીડિયો જોયા પછી રેલવે પોલીસ કમિશનરે તાત્કાલિક વૃદ્ધને શોધીને ફરિયાદ નોંધાવવા માટે કહ્યું. વૃદ્ધ એટલા ડરી ગયેલા કે, શરૂઆતમાં ફરિયાદ નોંધાવવા માટે તૈયાર નહોતા. માંડ માંડ સમજાવીને હિંમત આપીને વૃદ્ધને તૈયાર કર્યા પછી તેમણે ફરિયાદ નોંધતાં આરોપીઓ વિરુદ્ધ કેસ નોંધીને બેની ધરપકડ કરવામાં આવી છે.

વૃદ્ધને બેઈજ્જત કરવામાં બહુ લોકો સામેલ હતા એ જોતાં આ પગલાં પૂરતાં નથી પણ કમ સે કમ રેલવે પોલીસ કમિશનરે સંવેદનશીલતા તો બતાવી. હાથ પર હાથ મૂકીને બેસી રહેવાના બદલે વૃદ્ધને શોધીને તેમને હિંમત આપીને ફરિયાદ નોંધાવવા માટે તૈયાર કર્યા એ પણ મોટી વાત છે. તેની સામે હરિયાણાના મુખ્ય મંત્રી નયાબ સિંહ સૈનીએ તો વિચિત્ર રાગ આલાપ્યો છે.

સૈનીના કહેવા પ્રમાણે, હરિયાણાની સરકારે ગૌમાતાની સુરક્ષા માટે કડક કાયદો બનાવ્યો છે અને આ મુદ્દે કોઈ સમાધાન ના કરી શકાય. લોકોમાં ગૌમાતા પ્રત્યે શ્રદ્ધા છે અને લોકોની લાગણીઓ જોડાયેલી છે તેથી આ પ્રકારની માહિતી આવે ત્યારે ગામના લોકો પ્રતિક્રિયા આપે છે.

ભલા માણસ, ગૌમાતાની સુરક્ષા કરવી જોઈએ તેમાં કોઈને વાંધો નથી, ગૌહત્યા ના થવી જોઈએ એ પણ કબૂલ પણ ગૌહત્યા થઈ છે ખરી ? ને ગૌહત્યા થઈ હોય તો તમારી સરકાર બેઠી બેઠી શું કરે છે ? ખાલી કાયદો બનાવીને સંતોષ માની લીધો છે ?

આ માણસ મુખ્ય મંત્રી બનવાને લાયક જ નથી ને તેને ગાયોના તબેલામાં ગૌમાતાની રક્ષા કરવા બેસાડી દેવો જોઈએ. જે માણસ માત્ર અફવા પર લોકો કોઈની હત્યા કરે નાખે તેને લોકોની આસ્થા સાથે જોડાયેલો મુદ્દો ગણાવે ને તેની સામેની પ્રતિક્રિયાને યોગ્ય ગણાવે તેનાથી મોટો ગમાર બીજો કોઈ હોઈ ના શકે. આ દેશની કમનસીબી છે કે, આવા ગમારો ગાદી પર બેસી ગયા છે.


# બગસરાના પ્રૌઢ સાથે લગ્ન કરી લૂંટેરી દુલ્હન ફરાર

## એક મહિલા સહિત ૪ મળી રૂા. ૧ લાખ ઉપરાંતની ઠગાઇ કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) બગસરા અમરાપરા ભવાની કોમ્પ્લેક્ષ ડો. રાઠોડના દવાખાના પાસે રહેતાં દિનેશભાઈ જયસુખભાઈ સોમાણી ઉ.વ.૪૨ના મોટાભાઈ રાજુભાઈને વિસાવદરના વેકરીયા ગામના નાનજીભાઈ આહિરે ફોનમાં વાતચીત કરી છોકરી બતાવાનું કહી વલસાડની શબીનાબેન વિનુભાઈ વળવી રહે. પાનેરા જી.વલસાડવાળા સાથે મુલાકાત કરાવી સંજયએ લગ્ન કરવા માટે રૂા.૧,૮૦,૦૦૦ મંગાવી અને વકીલ અશ્વિનભાઈ પટેલે નોટરી સ્ટેમ્પ એફીડેવીડ કરી જ્ઞાતિ રિતરિવાજ મુજબ લગ્ન કરેલ અને ત્યાંથી વતન આવેલ અને દિનેશભાઈ તથા તેના પરિવારજનો સુતા હતાં ત્યારે શબીનાબેન વિનુભાઈ વળવી જતી રહેલ હતી. જેથી અમારા સાથે છેતરપિંડી થયાંની નાનજીભાઈ તથા સંજયભાઈને પૈસા પરત આપવાની વાત કરતાં બે વખત રૂા. ૨૦-૨૦ હજાર પરત કરી બાકીના રૂા. ૧,૪૦,૦૦૦ના વાયદાઓ કરી પૈસા પરત ન આપી છેતરપિંડી કર્યાની નાનજી આહિર રહે. વેકરીયા તા. વિસાવદર, વિરલ ગઢવી રહે. ધરમપુર, સંજય પટેલ રહે. પાનેરા, શબીનાબેન વિનુભાઈ વળવી રહે. પાનેરા જી. વલસાડવાળા સામે વિશ્વાસઘાત કરી ઠગાઈ કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ગ્રહોની ચાલ





રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા ૩.૯.૨૦૨૪ મંગળવાર ,સંવંત ૨૦૮૦ શ્રાવણ વદ અમાસ, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર , સિદ્ધ યોગ, કિંસ્તુઘ્ન કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) રહેશે.

## શુક્ર અને કેતુ જયારે સાથે મળે છે ત્યારે શુક્રના લક્ષણો કપાય છે

ભોગ વિલાસ કલા શૃંગારના સ્વામી શુક્ર મહારાજ કન્યા રાશિમાં નીચસ્થ ચાલી રહ્યા છે અને કેતુ સાથે છે માટે વિશ્વભરમાં આહટ સંભળાઈ રહી છે! શુક્ર જયારે નીચસ્થ થાય છે ત્યારે મહિલાઓ ખર્ચ પર કાપ મુક્તિ હોય છે જે શુક્રની અસર થી કહી શકાય વળી શુક્રની આ સ્થિતિમાં મહિલાઓ થોડું ડિપ્રેસ મહેસુસ કરે અને મહિલા વિરોધી ગુન્હાઓ વધુ થતા જોવા મળે. શુક્ર અને કેતુ જયારે સાથે મળે છે ત્યારે શુક્રના કપાય છે અને ક્યાંક શુક્રને પોતાનું તેજ હણાતું લાગે છે કેમ કે કેતુ કે કાતર છે જ્યાં બેસે ત્યાં તે લક્ષણો કાપતો જોવા મળે છે તો અત્રે અગાઉ લખ્યા મુજબ ઈડી અને સરકારની અન્ય




એજન્સીઓ સક્રિય થઈ છાપ પાડી રહી છે અને હાઈ પ્રોફાઈલ કેઈસ એસ સામે આવી રહ્યા છે. પવિત્ર શ્રાવણ માસનો અંતિમ દિવસ છે આવતી કાલથી ભાદ્રપદ માસ એટલે કે ભાદરવો શરુ થશે અને બુધ મહારાજ સિંહ રાશિમાં પ્રવેશ કરશે જ્યાં સૂર્ય સાથે બુધાદિત્ય યોગની રચના કરશે અને વ્યાપાર વાણિજ્યને ઉત્તેજન મળશે આયાત નિકાસ ક્ષેત્રે પણ સારું રહેશે. બુધ મહારાજ શનિની પ્રતિયુતિમાં આવશે જેથી સૂર્ય અને બુધ એની અસર જોવા મળશે અને પ્રજાકીય આંદોલનો તેજ થતા જોવા મળશે તો આર્ટીફીસીયલ ઈન્ટેલલિજન્સની કેટલીક વિશેષ અસરો પણ સામે આવશે.

મેષ (અ,લ,ઈ) : પરિસ્થિતિ ધીમે ધીમે તરફેણમાં આવે, વિધાર્થીવર્ગ એકાગ્રતાથી આગળ વધી શકે, સફળતા મળે, શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : નવી વસ્તુની ખરીદી કરી શકો, સુખ સગવડના વસાવી શકો, દિવસ આનંદદાયક રહે.
મિથુન (ક,છ,ઘ) : કાર્યમાં સફળતા મળતી જણાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે, સામાજિક કાર્ય કરી શકો, શુભ દિન.
કર્ક (ડ,હ) : પોઝિટિવ વાણીનો મહિમા સમજી શકો, તમારા સૌમ્ય વાણી-વર્તન થી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.
સિંહ (મ,ટ) : આજના દિવસે કામકાજ માં સફળતા મળે, તમારા ક્ષેત્ર માં આગળ શકો, પ્રગતિ થાય.
કન્યા (પ ,ઠ ,ણ) : કાર્યમાં થોડો વિલંબ થતો જોવા મળે, બિનજરૂરી વિવાદો ટાળવા, બોલવા માં કાળજી રાખવા સલાહ છે.
તુલા (ર,ત) : નવા સંબંધોમાં અને વર્તુળમાં સારું રહે, સગા સ્નેહી મિત્રો થી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
વૃશ્ચિક (ન ,ય) : નોકરિયાતવર્ગે કાળજી રાખવી પડે, સ્ત્રી નેમધ્યમ રહે, ધીમી પ્રગતિ જોવા મળે, સુંદર દીવસ.
ધન (ધ,ભ,ફ,ઢ ): ઈષ્ટદેવના સ્મરણથી કાર્ય પાર પડે, નસીબ સાથ આપે, ધીમે-ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે.
મકર (ખ,જ) : કેટલીક બાબતો મનમાં ખુચ્યા કરે, માનસિક વ્યગ્રતા જણાય, મન નું ધાર્યું ના થાય, મધ્યમ દિવસ.
કુંભ (ગ ,સ,શ) : રાજનીતિમાં અને જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.
(દ,ચ,ઝ,થ): જીવન પદ્ધતિમાં ફેરફાર કરવાની જરૂરત જણાય, તબિયતની કાળજી લેવી, ખાવા પીવા માં કાળજી લેવી, મધ્યમ દિવસ.

## જિલ્લામાં ૪ના અકસ્માતે મોત નિપજ્યાં

# નાની કુંકાવાવમાં યુવતિનું, અમરેલીમાં વૃધ્ધનું અને મોણપુરમાં વૃધ્ધનું તેમજ અમરેલીમાં પ્રૌઢનું ટ્રેન હેઠળ પડતું મુકતાં મોત

## બનાવો અંગે અમરેલી શહેર અને રૂરલ તેમજ વડીયા પોલીસ મથકમાં અલગ અલગ જાહેર કરાયું

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લામાં યમરાજાએ ડેરા તંબુ તાણ્યો હોય તેમ દિન પ્રતિદિન કમોતના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. જેમાં નાની કુંકાવાવમાં યુવતિનું, અમરેલીમાં વૃધ્ધનું ઝેરી દવા પી જતાં તેમજ મોણપુરમાં વૃધ્ધનું એસીડ પી જતાં તેમજ અમરેલીમાં પ્રૌઢનું ટ્રેન હેઠળ પડતું મુકતાં મોત નિપજયું હતું.

આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર નાની કુંકાવાવ મનસુખભાઈ સરપંચની વાડીએ મુળ એપીના બકડીયા તા.ચાંદપુર ગામની સંગીતાબેન થાવરીયા ઉ.વ.૨૩ને કોઈની સાથે પ્રેમ સંબંધ હોય તેની જાણ તેના ભાઈને થઈ જતાં ઠપકો આપેલ હોય જેથી માલસિંગ છગનભાઈ તમર મુળ મંડાર એમપી વાળો એકાદ માસથી મજુરી માટે તેડી લાવેલ હોય અને સંગીતાબેનને પોતાના પ્રેમસંબંધના કારણે મનમાં લાગી આવતાં પોતે પોતાની મેળે ઝેરી દવા પી લેતાં મોત નિપજયાનું માલસિંગ છગનભાઈ તમરે વડીયા પોલીસ મથકમાં જાહેર કરેલ છે. બીજા બનાવમાં અમરેલી તાલુકાના મોણપુર ગામે રહેતાં વિલાસબેન બાલુભાઈ વઢીયાર ઉ.વ.૭૦ને ડાયાબીટીસની બિમારી હોય અને વયોવૃધ્ધ હોય બન્ને પગ દુખતા હોય જેથી પોતે જીંદગીથી કંટાળી જઈ પોતે પોતાની મેળે એસીડ પી જતાં અમરેલી સિવીલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજયાનું મગનભાઈ બચુભાઈ વઢીયારએ અમરેલી તાલુકા પોલીસ મથકમાં જાહેર કરેલ છે. ત્રીજા બનાવમાં અમરેલી વસંતહરીના કારખાના સામે રજાકભાઈ દાઉદભાઈ મજીઠીયા ઉ.વ.૬૩ છેલ્લા એક મહિનાથી કોઈ કામ ધંધો ન મળતાં ટેનશન લેતાં હોય અને પોતે પોતાની મેળે ઘંઉમાં નાખવાના ઝેરી ટીકડા પી જતાં મોત નિપજયાનું પુત્ર ઈરફાનભાઈ રજાકભાઈ મજીઠીયાએ અમરેલી સિટી પોલીસ મથકમાં જાહેર કરેલ છે. ચોથા બનાવમાં અમરેલી ચકકરગઢ રોડ રેલ્વેફાટકથી થોડે દુર રેલ્વે ટ્રેક પર રોકડીયાપરામાં રહેતાં મુકેશભાઈ ચિમનભાઈ ટીંબડીયા ઉ.વ.૪૩ને ઘણા સમયથી નશો કરવાની આદત હોય તેના કારણે મરણજનારના પત્ની અને તેના બાળકો સાથે તેના માવતર ગોંડલ તાલુકાના ગોમટા ગામે છેલ્લા પાંચ વર્ષથી રિસામણે હોય જેથી પત્ની તથા બાળકોના વિયોગ તથા એકલતા સહન નહીં થતાં તા.૧-૯ના સવારે અમરેલી વેરાવળ ટ્રેન હેઠળ પડતું મુકતાં મોત નિપજયાનું રાજેન્દ્રભાઈ ચિમનભાઈ ટીંબડીયાએ અમરેલી સિટી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## લીલીયા અને બગસરામાં મોબાઇલ ચોરાયા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) લીલીયા નિલાગરા મહાદેવ મંદિરથી વડવાળા ચોક સુધી બાઈક લઈ આવતાં રિકેશભાઈ રમેશભાઈ વઢવાણાના પેન્ટના ખીસામાંથી વીવો કંપનીનો મોબાઈલ રૂા. ૨૫,૦૦૦ની કિંમતનો પડી જતાં કોઈ ચોરી ગયાની લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે બગસરામાં રાહુલભાઈ ચંદુભાઈ પરમારનો વન પ્લસ કંપનીનો મોબાઈલ રૂા. ૧૫,૦૦૦ની કિંમતનો કોઈ ચોરી ગયાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## મુખ્ય સુત્રધાર અમદાવાદ સારવારમાં : મહિલાના બે દિવસના રિમાન્ડ

# રાજુલામાં ડુપ્લીકેટ માર્કશીટ કૌભાંડના સુત્રધારે એસીડ પીધું : મહિલાની ધરપકડ

## જયાં ડુપ્લીકેટ માર્કશીટ બનાવેલ તે ઇન્સ્ટિટયુટને શીલ કરવામાં આવ્યું

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

રાજુલામાં કેરલા શિક્ષણ બોર્ડની ડુપ્લીકેટ માર્કશીટ બનાવવાના કૌભાડમાં ઈન્સ્ટિટયુટ સાથે કામ કરનાર સુત્રધારે એસીડ પી લેતાં ગંભીર હાલતમાં સારવાર માટે અમદાવાદ દવાખાને ખસેડવામાં આવેલ છે.

પોલીસ દ્વારા પાસપોર્ટ કચેરીમાં આ ડુપ્લીકેટ માર્કશીટ રજુ કરનાર મહિલાઓની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવેલ છે. અને પોલીસે જુદા જુદા મુદાઓ અંગે પુછપરછ હાથ ધરી છે. અગાઉ રાજુલા અને હાલ અમરેલી રહેતી મહિલાએ પોતાના પાસપોર્ટની અરજી માટે કેરલા શિક્ષણ બોર્ડની બનાવટી ધો. ૧૨ની માર્કશીટ રજુ કરી હતી.

રિઝયોનલ પાસપોર્ટ ઓફ અમદાવાદ દ્વારા આ માર્કશિટ આપનાર ઓથોરિટીને ખરાઈ માટે મોકલતાં તે માર્કશીટ બનાટી હોવાનું પર્દાફાશ થયો હતો. આ ઘટના અંગે તપાસ બાદ રાજુલા પોલીસ દ્વારા ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. રાજુલા પોલીસ દ્વારા બે વખત પુછપરછ માટે આરોપી રિઝવાન લદ્ધા પોલીસ સ્ટેશનમાં બોલવતાં તેની સામે કાર્યવાહી કરવામાં આવશે તેવા ડરને કારણે તેમણે પોતાના ઘરે એસીડ પી લીતાં ગંભીર હાલતમાં સારવાર માટે અમદાવાદ દવાખાને ખસેડવામાં આવેલ છે. અને રાજુલાના પિઆઈ આઈ.જે. ગીડાએ મહિલાની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતાં બે દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવતાં આ સમગ્ર કૌભાંડ અંગે પોલીસ દ્વારા જીણવટ ભરી તપાસ હાથ ધરવામાં આવશે.

## મજુરીના પૈસા મજુરો ન આપી

# ધારીના ખીસરીમાં મહિલા સાથે ઠગાઇ કરી

## ઉનાના ચાંદોર ગામના ત્રણ શખ્સો સામે રૂા. ૩૭ હજાર ઉપરાંતની ઠગાઇની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) ધારી તાલુકાના ખીસરી ગામે મંજુબેન ભનુભાઈ શિશણાદા ઉ.વ.૩૮ને મણીલાલ રામજીભાઈ, દર્શન મણીલાલ રામજી ચાંદોરએ તેના મોહિત ફાર્મમાં આંબાની કલમો ગાડીમાં ભરવા માટે મજુરોની મજુરી કામે બોલાવીને એક મજુરને એક દિવસના રૂા.૫૦૦ મજુરી આપવા તેમજ મજુરોને લઈ આવવા રિક્ષાનું ભાડુ ચુકવા આપવાનું જણાવી તથા અન્ય બીજા મજુરોના દિવસ ૬ની અલગ અલગ મજુરોના મજુરીના તથા રિક્ષા ભાડાના રૂા.૩૨૦૦ મળી કુલ રૂા. ૩૭,૭૦૦ નહીં આપી ઠગાર કરી મજુરોને ધમકી આપી ગુનો કર્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં પુર ઝડપે વાહન ચાલવતાં પાંચ વાહનચાલકો સામે પોલીસે ગુનો નોંધ્યો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લામાં પુર ઝડપે અને બેફિકરાઈથી વાહન ચલાવતાં ધારી નવી વસાહતમાં રહેતાં રિયાઝ યુસુફભાઈ કુરેશી, સાવરકુંડલામાં માહિર જીણાભાઈ સવંટ, સાવરકુંડલાના વિરડી ગામના ભુપત સવજીભાઈ રોજાસરા, ફિફાદ ગામે તેમજ વંડાથી શેલણા જવાના રસ્તે જેસર તાલુકાના છાપરયાળીના દિલીપ વિનુભાઈ સોલંકી, જાફરાબાદના મિતીયાળા રોડ ઉપર મજકુર કમરૂજમાં સહેરૂલ હક સામે પોતાના વાહનો પુર ઝડપે અને બેફિકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવતાં મળી આવતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# ધારીના રાજસ્થળી નજીક બાઇક સવાર સગીરને મારમારી લૂંટ ચલાવી

## ત્રણ શખ્સોએ મારમારી સોનાનો ચેઇન ઝુટવી રોકડ ૧૪ હજાર ઉપરાંતની લૂંટી ચલાવ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) ધારી તાલુકાના રાજસ્થળી ગામના પાટીયા નજીક ઉના રહેતાં દર્શનભાઈ મણીલાલ ઉર્ફે અજય રામજીભાઈ ચાંદોરા ઉ.વ.૧૭ પોતાનું બાઈક લઈ દુધાળા ગીર ગામેથી ઉના પોતાના ઘરે આવતાં હોય તે દરમિયાન રાજસ્થળી ગામના પાટી નજીક પહોંચી ફોનમાં વાત કરવા ઉભેલ તે દરમિયાન કમરદડીના દિપકે દર્શનભાઈને જમણા પગના નળામાં તથા પીઠના ભાગે લાકડાના ધોકા વડે મારમારી ગળામાં પહેરલ એક તોલાનો સોનાનો ચેઈન ઝુંટવી લઈ ત્યાં હાજર રહેલ બે અજાણ્યા શખ્સોએ દર્શનભાઈના પેન્ટના ખિસ્સામાંથી રોકડ રૂા. ૧૪,૬૦૦ કાઢી લઈ કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી ગાળો બોલી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ખાંભાના ધુંધવાણા અને બાબરામાં જુગારના દરોડા

## ૫ મહિલા સહિત ૧૪ શખ્સોને ૧૫ હજાર ઉપરાંતના મુદામાલ સાથે ઝડપી લીધા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી જિલ્લામાં ખાંભા તાલુકાના ધુંધવાણા અને બાબરામાં પોલીસે જુગારના દરોડાઓ પાડી પાંચ મહિલા સહિત ૧૪ શકુનીઓને રોકડ રૂા. ૧૫ હજાર ઉપરાંતના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં. જેમાં ખાંભાના ધુંધવાણા ગામે ગોબરભાઈ નનુભાઈ ડાભીના રહેણાંક મકાન નજીક જાહેરમાં હારજીતનો જુગાર રમતાં દદુ રાણભાઈ ધાપા, વેલજી લાખાભાઈ કવાડ, ભરત કરશનભાઈ ભીલ, ધર્મેશ મનુભાઈ ધાપા, ભરત બાલુભાઈ વાળા, મનુ રાણાભાઈ ધાપા સહિત ૯ શખ્સોએ પો.કોન્સ. ધર્મેશભાઈ ઠાકરે રોકડ રૂા. ૧૧,૮૦૦ સાથે જયારે બાબરા કરિયાણા રોડ ઉપર જીન્નતબેન તાજુભાઈ જલવાણી, જયશ્રીબેન ભરતભાઈ ગાંભલીયા, કંચનબેન વિપુલભાઈ મિઠાપરા સહિત ૫ મહિલાઓને પો.કોન્સ. છત્રપાલસિંહ ગોહિલે રોકડ રૂા. ૪૦૪૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

# અમરેલી જિલ્લામાં ૯ વાહનચાલકો સહિત ૨૦ નસેડીઓ રાજાપાઠમાં ઝડપાઇ ગયા

## પોલીસે જુદા જુદા સ્થળોએ ૨૦ શખ્સોને ઢીંગલી થયેલ હાલતમાં ઝડપી લીધા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લામાં ૯ વાહનચાલકો સહિત ૨૦ નસેડીઓને પોલીસે જુદા જુદા સ્થળોએથી ઢીંગલી થયેલ હાલતમાં ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં ધારી, ખાંભા, સાવરકુંડલા, ચલાલા, બગસરા, જાફરાબાદ મરીન, જાફરાબાદ શહેર પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# કુંડલાના ગોરડકા અને અમરેલીમાં યુવતિઓ ગુમ

## સાવરકુંડલા રૂરલ અને અમરેલી સિટીમાં ગુમ થયાનું જાહેર કરાયું

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) સાવરકુંડલા તાલુકાના ગોરડકા ગામે રહેતી યુવતિ પોતાના ગોરડકાથી વિજપડી ગામે જાગરણના પુજાપાનો સામન લેવા ગયા બાદ ત્યાંથી કોઈને કહ્યા વગર કયાંક જતી રહી ગુમ થયાનું નાજાભાઈ મામૈયાભાઈ ચાંદુએ સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં અમરેલી બહારપરા કોળીવાડમાં રહેતી યુવતિ ફરસાણની દુકાને ઘરેથી સેવા લેવા જવાનું કહી કયાંક જતી રહી ગુમ થયાનું યુવતીના મામી લીલાબેન આંબાભાઈ ચાવડાએ અમરેલી સિટી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## તારા છોકરાઓ રસ્તા વચ્ચે કેમ રમે છે તેમ કહી

# રાજુલાના ખેરા ગામે યુવાન ઉપર હુમલો

## ચાર શખ્સોએ મારમારી ઇજા કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) રાજુલા તાલુકાના ખેરા ગામે રહેતાં કરશનભાઈ રાજાભાઈ ગુજરીયા ઉ.વ.૩૨ને તેના ઘર પાસે ધરમશી બોઘાભાઈ, મનુ બોઘાભાઈ, દિનેશ બોઘાભાઈ નિકળેલ ત્યારે કરશનભાઈ છોકરાઓ રમતા હોય જેથી આરોપીઓએ તારા છોકરા રસ્તા વચ્ચે કેમ રમે છે તેવું કહી મુન્નાએ લાકડીનો ઘા ડાબા ખંભે મારી બોઘાએ ગાળો બોલી તે પછી તા. ૩૦-૮ના મુન્ના બોઘાએ આવી મારકુટ કરી ગાળો બોલી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની મરીન પીપાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# વડીયામાં ગટર પ્રશ્ને પ્રૌઢ ઉપર હુમલો

## ચાર શખ્સોએ મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

વડિયાના કૃષ્ણપરામાં બે પાડોશીઓ વચ્ચે મહિલાઓને ગટરના પાણીની સફાઈ પ્રશ્ને માથાકુટ થતાં મારામારી થયેલ.

આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર વડીયા કૃષ્ણપરામાં વિપુલભાઈ ઉકાભાઈ રાદડીયા તેમજ આરોપીઓ પાડોશીઓ હોય અને બૈરાપ્રશ્ને પાણીની ગટર સાફ કરવા અંગે મનદુઃખ થતાં બન્ને વચ્ચે માથાકુટ થયેલ અને જયેન્દ્ર કિશોરભાઈ, ભુપેન્દ્ર ઉર્ફે ભોપી કિશોરભાઈ, હિરેન ઉર્ફે કાનો રઘુભાઈ બસીયા, વિક્રમ જેતસુરભાઈ મોડાએ ગાળો બોલી છુટી ઈંટના બટકા અને બડીયા વડે મુંઢ મારમારી ધમકી આપી એકબીજાએ મદદગારી ગુનો કર્યાની વડીયામાં પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# હનુમાન ખીજડીયામાં સગીરાને વાલીપણામાંથી ભગાડી જવાઇ

## જેતપુરના રેશમડી ગાલોલના શખ્સ અને હનુમાન ખીજડીયાના શખ્સ સામે પોલીસમાં ફરિયાદ દાખલ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

હનુમાન ખીજડીયા ગામે રહેતી સગીરાને જેતપુર તાલુકાના રેશમડી ગાલોલ ગામના સુજલ રમેશભાઈ વેગડા સગીર વયનું જાણાવા હોવા છતાં લલચાવી ફોસલાવી બદ ઈરાદે વાલીપણામાંથી ભગાડી લઈ જઈ હનુમાન ખીજડીયા ગામના પ્રતાપ જગદિશભાઈ રાઠોડે ભગાડી જવામાં મદદગારી કરી ગુનો કર્યાની સગીરાના માતાએ વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ખાંભાના વાંગધ્રામાં સગીરાનુ અપહરણ કરાયું

## રાજુલાના વડનગરનો શખ્સ અપહરણ કરી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) ખાંભા તાલુકાના વાગંધ્રા ગામે રહેતી સગીરાને રાજુલા તાલુકાના વડનગર ગામનો વનરાજ ઉર્ફે પપ્પુ લાલજીભાઈ બાબરીયા લલચાવી ફોસલાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી ગયાની સગીરાની માતાએ ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### આસ્થાના પ્રતિક સમા પવિત્ર શ્રાવણ માસ શિવજીના આરધના સાથે પુર્ણ થતાં

# અમરેલી જિલ્લામાં પિતૃ તર્પણ કરી ધન્યતા અનુભવી

**અમરેલી શહેર જિલ્લાના જુદા જુદા વિસ્તારમાં ધાર્મિક સ્થળોએ સામુહિક રીતે પિતૃ ભાવ વંદનામાં લોકોએ જોડાઇ શ્રધ્ધા વ્યક્ત**

**જુનાગઢ, પ્રભાસ-પાટણ, પ્રાંચી, ત્રંબા સહિત સ્થળોએ ભાવિકો ઉમટી પડયા : દિવસભર પિતૃ તર્પણ સહિતના કાર્યક્રમો યોજાયા**







અમરેલી,પવિત્ર શ્રાવણ માસ પુરા થતાં જ આજે સર્વ પિત્રી અમાસની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. શ્રાવણ મહિનાના છેલ્લા દિવસે ભાદરવી અમાસનું વિશેષ મહત્વ હોય છે. વ્હેલી સવારથી જ જુનાગઢ, પ્રભાસ-પાટણ, પ્રાંચી, ત્રંબા સહિત સ્થળોએ સામુહિકપિતૃ વંદના કરીહતી. જુનાગઢ, ભાવનગર, આટકોટ સહિતના ગામોમાં પિતૃતર્પણ કરવામાં આવ્યું હતું. સામુહિક પિતૃ વંદનામાં જોડાઈ લોકોએ પોતાની શ્રધ્ધા વ્યકત કરી હત.

## અમરેલી ઠેબી વડી કાંઠે કામનાથ મહાદેવ મંદિરે ભાદરવી અમાસ નિમિતે પિતૃ તર્પણ



અમરેલી ઠેબી વડી નંદીના સંગમ સ્થાને કામનાથ મહાદેવ મંદિર ખાતે આજે ભાદરવી અમાસે અમરેલી શહેરના લોકોએ પિતૃઓને પીપળે પાણી રેડી પિતૃ તરપણ કર્યુ હતું અને કામનાથ મહાદેવ મંદિરે પુજન અર્ચન કરી પોતાની શ્રધ્ધા વ્યકત કરી હતી. આજે અમાસ હોવાથી કામનાથ મહાદેવ મંદિરે મેળા જેવો જમાડો જોવા મળ્યો હતો તે વેળાની તસ્વીરમાં નજરે પડે છે.

### જિલ્લા કલેક્ટર શ્રી અજય દહિયાના અધ્યક્ષ સ્થાને

## અમરેલી જિલ્લા ટીબી નિવારણ ફોરમની બેઠક યોજાઇ

**કામગીરીની બેઠકમાં ચર્ચા કરાઇ : જરૂરી સુચનાઓ અપાઇ**

અમરેલી , નેશનલ ટ્યુબરક્યુલોસિસ એલિમિનેશનપ્રોગ્રામઆપણુંગુજરાત, ટીબી મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લા સેવાસદન ખાતે જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયાના અધ્યક્ષ સ્થાને,જિલ્લા ટીબી નિવારણ ફોરમની બેઠક યોજાઈ હતી.બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ, જિલ્લામાં નેશનલ ટ્યુબરક્યુલોસિસએ લિમિનેશન પ્રોગ્રામ અંતર્ગત કરવામાં આવેલી કામગીરીનીસમીક્ષાકરીહતી. ટીબી મુક્ત ગ્રામ પંચાયત અંતર્ગત ટીબી દર્દીઓનું સ્ક્રિનીંગ, તપાસ અને સારવારસહિતની કામગીરી આવે છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૭૦ થી વધુ ગ્રામ પંચાયતો ટીબી મુક્ત ગ્રામ પંચાયત તરીકે જાહેર થઈ છે.જિલ્લા કલેક્ટર શ્રી અજય દહિયાએ ટીબીના એક્ટિવ કેસ ફાઈન્ડિંગ, નિયમિત સ્ક્રિનીંગ અને નોટિફિકેશન પર ઘટતું થાય તે માટે સંબંધિત અધિકારીશ્રીઓને દિશાનિર્દેશ આપ્યા હતા. બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા ટીબી નિવારણ સભ્યશ્રીઓ, સંબંધિત અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલાનું ગૌરવ વધારતું સોનિક ફાઉન્ડેશન

**સોનીક ફાઉન્ડેશનની પ્રવૃત્તિની નોંધ લેતા મુખ્યમંત્રીશ્રી**



સાવરકુંડલા,

પરેશભાઈ તથા સોનિક ફાઉન્ડેશન સંસ્થા દ્વારા સાવરકુંડલા શહેરમાં ચાલતી સેવાકાર્યોની વિવિધ પ્રવૃત્તિઓ અંગેની માહિતી આપતો પત્ર અને સાથે સાથે તાજેતરમાં 'એક પેડ મા કે નામ'ના આહવાનને સ્વીકારી લઈને વૃક્ષારોપણના કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કરાયાની બોલતી તસ્વીરો સાથે ઉજવણીનો આનંદ અને વૃક્ષારોપણ માટેનો નિર્ધાર વ્યક્તની ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નોંધ લીધી છે.અને પત્ર લખી શુભકામના પાઠવી છે. અને ઉલ્લેખ કર્યો કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીદ્વારાપર્યાવરણદિન નિમિત્તે રાષ્ટ્રના નાગરિકો માટે 'એક પેડ મા કે નામ'ના સૂત્ર થકી અપાયેલ સંવેદનાત્મક હાકલને ઝીલી લેવાનું નાગરિકકર્તવ્ય નિભાવવાનો જશ સાવરકુંડલાના આપ સૌ પ્રજાજનોએ મેળવ્યો છે. વળી લીલીયાના આપણા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના સાનિધ્ય અને સદિચ્છા સાથે આપના ફાઉન્ડેશન દ્વારા ૧૦૦૦ વૃક્ષના રોપણ કાર્યક્રમને પરિપૂર્ણ કરાયો તે માટે આપની સમગ્ર ટીમ તથા સાવરકુંડલાના પર્યાવરણપ્રેમી નગરજનોને અનેક અભિનંદન મુખ્યમંત્રીશ્રી આપ્યા છે. ત્યારે સોનીક ફાઉન્ડેશનએ સાવરકુંડલા નું ગૌરવ વધાર્યું છે અને તેમના ઉપર શુભકામનાઓનો ધોધ વહેતો થયો છે.

## અમરેલી રેડક્રોસના શ્રી ભંડેરીના દાદાનું નિધન થતાં દેહદાન કરાયું

**જેતલવડ ગામમાં દેહદાન બનેલી પ્રથમ ઘટના**



અમરેલી,રેડક્રોસ પરિવાર ના સક્રિય ટ્રેઝરર રોહિતભાઈ ભંડેરી ના દાદા કુરજીભાઈ નાથાભાઈ ભંડેરી ઉ.વ.૭૮ નું આજરોજ અવસાન થતાં તેમના પરિવારે દેહદાન નું પુણ્ય કાર્ય કર્યું છે ખાસ જેતલવડ ગામ માં પ્રથમ દેહદાન નો કિસ્સો છે દેહદાન જૂનાગઢ મેડિકલ કોલેજ ને સુપ્રત કરવા માં આવેલ છે .

## બગસરા સ્વામિ નારાયણ મંદિરમાં સંતો વચ્ચે વિવાદ વધતા પોલીસનો બંદોબસ્ત ગોઠવાયો

**મંદિરમાં સંતોના અલગ અલગ જૂથ બની ગયા હોવાની ચર્ચા**



બગસરા, (સમીર વીરાણી) બગસરા સ્વામિનારાયણ મંદિરમાં છેલ્લા ઘણા દિવસોથી સંતો વચ્ચે વિવાદ હોવાની ચર્ચા લોકોમાં થઈ રહી છે. જેને પગલે શનિવારે રાત્રે પોલીસ દ્વારા બંદોબસ્ત કરવાની ફરજ હતી. બગસરા સ્વામિનારાયણ મંદિર ખાતે છેલ્લા ઘણા દિવસોથી નવા અને જૂના સંતો વચ્ચે અનેક બાબતોએ વિવાદ ચાલતો હોવાની વાત બહાર આવી હતી. જેને પગલે વારંવાર સંતો વચ્ચે ઉગ્ર બોલાચાલી થયેલ હોવાનું પણ હરિભક્તો વચ્ચે ચર્ચાય રહ્યું છે. સંતો વચ્ચેનો વિવાદ વધતા બગસરા સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજના પોલીસ બંદોબસ્ત ગોઠવવો પડ્યો હતો. સાથે સાથે આ ઘટનાને પગલે સાંજના સમયે અનેક હરિભક્તોના ટોળેટોળા મંદિર પરિસરમાં આવી પહોંચ્યા હતા. પોલીસ દ્વારા આ વિવાદને શાંત પાડવા માટે તેમજ સંતો વચ્ચે ચાલી રહેલા ઝઘડાને પૂરો કરવા માટે પ્રયત્ન કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા સમયથી મંદિરના મુખ્ય સંતો હોવાથી નાના સંતો વચ્ચે વારંવાર ઝઘડા થતા હોવાથી આવા બનાવો બની રહ્યા છે. મંદિરમાં છેલ્લા ઘણા સમયથી બે અલગ અલગ સભાઓ પણ થઈ રહી હોવાનું લોકોમાં ચર્ચા રહ્યું છે. જોકે સમગ્ર ઘટનાને પગલે હાલ કોઈ પોલીસ ફરિયાદ નોંધવામાં આવેલ નથી. ધાર્મિક આસ્થાના સ્થળોમાં આવી ઘટના બનતા ચર્ચાનો વિષય બનેલ છે.

## રાજુલાના વિશળયા ગામે યુવાન ઉપર હુમલો

**બે મહિલા સહિત ૬એ વાયર અને લાકડી વડે મારમાર્યાની ફરિયાદ**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) રાજુલા તાલુકાના વિશળયા ગામે રહેતા સચિનભાઈ સોંડાભાઈ બાંભણીયા ઉ.વ. ૨૦ બાપુની મઢી પાસે માવો ખાતા હોય ત્યારે દિનેશ છગનભાઈ, જયાબેન દિનશેભાઈ સરવૈયાએ વાયરના ચાબખા વડે મારમારી ગાળો બોલી દેવશી માધાભાઈ સરવૈયાએ માથામાં લાકડી મારી પછાડી દઈ થોડીવાર બાદ ધનીબેન માધાભાઈ, વશરામ મધાભાઈ, ભાવેશ વશરામભાઈ સરવૈયા આવીને શરીરે આડેધડ લાકડી વડે મારમારી મુંઢ ઈજાઓ કરી ગાળો બોલી એકબીજાએ મદદગારી ગુનો કર્યાની મરીન પીપાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સજાના હુકમની સામે અમરેલી સેશન્સ કોર્ટે અપીલ ડિસમીસ કરી

**એડવોકેટ ધર્મેશ એચ. પંડયાની ધારદાર દલીલોને કોર્ટે ગ્રાહ્ય રાખી**



પ્રતાપપરા, (ગીરી ન્યુઝ) અમરેલીના ગરમ મસાલાના વેપારી શ્રી ધર્મેન્દ્રભાઈ જયંતીલાલ જોષી નાએ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો ધંધો કરતા શ્રી બીંદીયાબેન નયનભાઈ ઠાકર રહે. અમદાવાદ વાળા વિરૂધ્ધ ચેક રીટર્નની કરેલ ફરીયાદના કામે આરોપી બીંદીયાબેનને નામદાર થર્ડ એડી. કોર્ટ દવારા આરોપીને ૧ વર્ષની સજા ભોગવવાનો તથા ચેકની રકમ રૂા. ૨,૧૦,૦૦૦/- પુરા ફરીયાદીને પરત ચુકવી આપવાનો આદેશ કરેલ હતો જે હુકમ સામે આરોપી બીંદીયાબેનએ નામદાર સેશન્સ કોર્ટ અમરેલીમાં અપીલ દાખલ કરેલ જે અપીલમાં (મુળ ફરીયાદી) શ્રી ધર્મેન્દ્રભાઈ જયંતીલાલ જોષી તર્ફે અમરેલીના જાણીતા વકીલ શ્રી ધર્મેશ એચ. પંડયા ની ધારદાર દલીલો કોર્ટે ગ્રાહય રાખી આરોપીને કરેલ ટ્રાયલ કોર્ટનો સજા ફરમાવતો ચુકાદો કાયમ રાખવાનો આદેશ કરેલ છે. અને આરોપીની અપીલ ડીસમીસ કરી આરોપી વિરૂધ્ધ જરૂરી કડક પગલા લેવા હુકમ ફરમાવેલ છે.

## અમરેલી રાધેશ્યામ ચોકડી પાસે રિક્ષાએ બાઇકને હડફેટે ચડાવ્યું

**બાઇક સાથે ભટકાવી યુવાનને પગમાં અને શરીરે ઇજા કરી**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી તાલુકાના બગસરા રોડ રાધેશ્યામ ચોકડી આગળ માધવ ડેરી પાસે બાબપુરના ભરતભાઈ પરશોતમભાઈ બારૈયા ઉ.વ. ૨૭ પોતાનું બાઈક લઈ અમરેલી આવતા હોય તે દરમિયાન માધવ ડેરી પાસે પહોંચતાં રિક્ષા નંબર જી જે ૧૪ વાય ૩૦૧૧ ના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી ચલાવી બાઈક સાથે ભટકાવતાં ભરતભાઈને પછાડી દઈ જમણા પગે સાથળ અને ગોઠણ ઉપર તેમજ શરીરે ઈજા કરી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

### ગાંધીનગરમાં ચડી બનિયાનધારી ગેંગ ફરી સક્રિય

ગાંધીનગર,ગાંધીનગરના પેથાપુરનાં સિદ્ધરાજ બંગલો, અડાલજનાં વૈષ્ણોદેવી મંદિર તેમજ અંબાપુરના મકાનમાં તસ્કરો ત્રાટકતા પોલીસ દોડતી થઈ ગઈ છે. વૈષ્ણોદેવી મંદિરમાં સિક્યોરીટી ગાર્ડની સતર્કતાથી તસ્કરોને ઉભી પૂંછડીએ ભાગવું પડયું હતું. જ્યારે સિદ્ધરાજ બંગલોમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. ત્યારે અંબાપુરના મકાનમાં તસ્કરો રૂ. ૧.૩૦ લાખનો મુદ્દામાલ ચોરીને ફરાર થઈ ગયા હતા. ગાંધીનગરમાં ચડ્ડી બનિયનધારી ગેંગ રાત્રીના સમયે બિન્દાસ ઘરફોડ ચોરીના ગુનાને અંજામ આપવા ફરી રહી હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. ગાંધીનગરના સુપ્રસિદ્ધ વૈષ્ણોદેવી દેવી મંદિરમાં ફરીવાર તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરો એ મંદિરમાં પ્રવેશ કર્યો હતો. પરંતુ ફરજ પરના સિક્યુરિટી ગાર્ડની સતર્કતાથી તસ્કરોને ઉભી પૂંછડીએ નાસી જવાની જવાની ફરજ પડી હતી.

### અરવલ્લીના સાઠંબાથી નકલી પ્રાંત અધિકારી ઝડપાયો

અરવલ્લી,

રાજ્યમાં નકલી અધિકારીઓ ઝડપાવવાનો સિલસિલો યથાવત છે. અરવલ્લીના બાયડના સાઠંબા ગામેથી નકલી જીઙ્ઘસ ઝડપાયો છે. ઈન્દ્રાણ ગામે રાયોટિંગના ગુનાની પોલીસ પૂછપરછ વખતે ખોટી ઓળખ આપી હતી. આરોપીએ આઈકાર્ડ દર્શાવી પોતે જીઙ્ઘસ હોવાનું નિવેદન આપ્યું હતું. ત્યારબાદ પોલીસે પ્રકાશ નાયી નામના શખ્સની અટકાયત કરી છે. તો બીજી તરફ મહિસાગરના લુણાવાડામાં નકલી હુકમ બનાવવાની ઘટના સામે આવી છે. આદિવાસીઓની જમીન બારોબાર વેચવા કલેક્ટર કચેરીમાં કામ કરતા કોમ્પ્યુટર ઓપરેટરે નાયબ મામલતદાર અને કારકુનની બનાવટી સહી કરી નકલી હુકમ બનાવી સરકારી રેકર્ડ સાથે ચેડાં કર્યા હતા.

### સરખેજમાં આવેલ ભારતી આશ્રમને વહીવટને લઇને વિવાદ

અમદાવાદ,અમદાવાદના સરખેજમાં આવેલા ભારતી આશ્રમના વહીવટને લઈને ફરી વિવાદ ઉભો થયો છે. મહામંડલેશ્વર હરિહરાનંદજીએ આશ્રમનો કબ્જો લઈ શિષ્ય ઋષિ ભારતી બાપુ સામે વહીવટમાં ગોબાચારીના આક્ષેપો લગાવ્યા છે. ત્યારે હવે ઋષિ ભારતીએ હરિહરાનંદજીના આક્ષેપો ફગાવી તેમના પર પલટવાર કર્યો છે. તો આ બધાની વચ્ચે આશ્રમના મેનેજર રામભાઈ ગઢવીએ ઋષિ ભારતી પર મોટો આરોપ મુક્યો છે. સરખેજ આશ્રમના મેનેજર રામભાઈ ગઢવીએ આરોપ લગાવ્યા છે કે, ઋષિ ભારતી બાપુ મર્યાદામાં નહોતા રહેતા તેમજ તેમના રૂમમાંથી વાંધાજનક વસ્તુઓ મળી આવી છે.

### અમદાવાદમાં વિડીયો વાયરલ કરવાની ધમકી આપી

અમદાવાદ,નિકોલમાં રહેતી પરિણીતાને બ્લેકમેઈલ કરીને અને ધાક ધમકી આપીને યુવતી સાથે દુષ્કર્મ ગુજાર્યોનો કિસ્સો સામે આવ્યો છે. આરોપી યુવકે મિત્રની પત્નીને તેના પતિ અને બાળકને જાનથી મારી નાંખવાની ધમકી આપીને પરણિતા સાથે શરીર સંબંધ બાંધ્યા હતા. આ સમયે આરોપીએ યુવતીનો વિડીયો પણ બનાવી લીધો હતો. ત્યારબાદ નરાધમ યુવકે પરણિત યુવતીને બ્લેકમેઈલ કરીને અનેક વખત શારીરિક સંબંધ બાંધ્યા હોવાનો ભોગ બનનાર યુવતીએ ફરિયાદમાં ઉલ્લેખ કર્યો છે.

### અંબાજી મેળામાં વિમા કવચ પુરૂ પડાશે

અંબાજી,

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિપીઠ અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાને લઈને તૈયારીઓ પૂરાજોરશોરથી થઈ રહી છે. અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાને લઈને મંદિર ટ્રસ્ટ દ્વારા શ્રદ્ધાળુઓ માટે વીમા કવચની પુરૂ પાડવા તૈયારી કરી છે. યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મેળા સંદર્ભે આવનારા લાખો માઈભક્તોની જાનમાલની ખાસ સુરક્ષા અંગે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા વીમો લેવામાં આવ્યો છે. આગામી ૧૨ સપ્ટેમ્બરથી શરૂ થયેલા ભાદરવી પુનમના મેળામાં અંબાજી ધામથી ૨૦ કિલોમીટરના વિસ્તારમાં જો કોઇ માનવસર્જીત કે કુદરતી હોનારતની ઘટના બને તો યાત્રીકોને વિમાનું લાભ મળી શકે છે. જેનાં માટે મંદિર ટ્રસ્ટે કરોડો રુપિયાની રકમનો વિમો ઉતરાવ્યો છે. વીમાની રકમ અસરગ્રસ્ત વ્યક્તિની ઉંમર અને તેનો પગાર ધોરણના અનુસાર નક્કી કરવામાં આવી.

### ૬ થી ૯ સપ્ટેમ્બરે તરણેતરનો મેળો યોજાશે

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગરમાં વિશ્વ વિખ્યાત તરણેતરનો મેળો દર વર્ષે યોજાય છે. મેળાને લઈ જીલ્લા કલેક્ટરનાં અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. તરણેતર ખાતે આગામી સમય દરમ્યાન મેળો યોજાશે. મેળાને લઈ રસ્તા, પાર્કિંગ સહિતનાં મુદ્દે સૂચના આપવામાં આવી રહી છે.તેમજ કાયદો અને વ્યવસ્થાનાં ભાગરૂપે સબંધિત અધિકારીઓ સાથે સૂચન અને માર્ગદર્શન આપ્યું હતું. આગામી તરણેતર ખાતે ૬ થી ૯ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે મેળો યોજાશે. પશુ સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમ બાબતે અધિકારીઓ સાથે ચર્ચા કરાઈ છે. તેમજ કુંડ અને તળાવ ફરતે તરવૈયા સહિતની ટીમ તૈનાત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ બાબતે સરપંચે જણાવ્યું હતું કે, આજે બધા જ સાંસદ, ધારાસભ્યો, એસપી સહિતનાં અધિકારીઓની હાજરીમાં તરણેતર ખાતે મીટીંગ બોલાવવામાં આવી હતી.

## અવસાન નોંધ

ધારી,

મૂળ ધારી ગામના વતની અને હાલ વડોદરા ના રહીશ ઔદિચ્ય ગઢીયા બ્રાહ્મણ અને ધારી શ્રી બાલકૃષ્ણ લાલજી હવેલીના ભૂતપૂર્વ મુખયાણીમાં ગં. સ્વ. શ્રી મંજુલાબેન વ્રજલાલ મહેતા( ઉ. વ. ૯૩)તે શ્રી દિનેશભાઈ વ્રજલાલ (નિવૃત્ત કેશિયર BOI - જૂનાગઢ ) તથા શ્રી વિનોદભાઈ વ્રજલાલ મહેતા ( નિવૃત્ત મુખ્યાજી - ધારી હવેલી ) ના માતુશ્રી શ્રાવણ વદ ૧૩ ને શનિવાર, વિક્રમ સંવત ૨૦૮૦. તારીખ ૩૧ ઓગષ્ટ, ૨૦૨૪ ના રોજ બપોરના ૧:૦૦ કલાકે સ્થૂળ દેહત્યાગ કરી ગૌ લોક વાસી થયેલ છે.

બગસરા,

સ્વ. હર્ષદભાઈ રમણીકભાઈ જોશી (અનીડા વાળા) (ઉં. વ. ૬૦) તે રસિકભાઈ કાંતિલાલ ઠાકર સુડાવડ વાળા તેમજ સ્વ ચંદુભાઈ, બાલુભાઈ, રમેશભાઈ, રાજુભાઈ, પ્રવીણ ભાઈ ના બનેવી તેમજ અનુબેન કાંતિલાલ ઠાકર . ગં સ્વ લાભુબેન કાંતિલાલ ઠાકર ના જમાઈ અને ગીતાબેન ના પતિ અક્ષય અને ગાયત્રીબેન ના પિતાશ્રી નુ ના રોજ સ્વર્ગ વાસ થયેલ છે બેસણું તારીખ ૬ ને શુક્રવારના રોજ બપોરે ૪ થી ૬ સુડાવડ મુકામે કાંતિભાઈ ના નિવાસસ્થાન ખોડીયાર મંદિર સામે રાખેલ છે.

સાવરકુંડલા,

રામજીભાઈ ભીખાભાઈ વેગડા (ઉ.વ. ૭૫) તે દિપકભાઈ થતા ભાવેશભાઈ ના પિતાશ્રી થાઈ તા. ૩૧/૮/૨૦૨૪ ને શનિવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે તેમનું બારમું તા. ૫/૯/૨૦૨૪ ને ગુરુવાર ના રોજ રૂડા ભગત ની જગ્યા વેગડા વાસ, સાવરકુંડલા ખાતે રાખેલ છે

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

## રાજ્યભરના તમામ ફીશરીઝ ગાર્ડને નોકરીમાંથી છુટા કરવાની સામે ગુજરાત હાઈકોર્ટનો સ્ટે

**એડવોકેટ શ્રી કેવલસિંહ રાઠોડની દલીલોને ધ્યાને લઈ હાઈકોર્ટે સ્ટે આપ્યો**

ગીર સોમનાથ,

ગુજરાત સરકાર ના કૃષિ અને સહકાર વિભાગ અંતર્ગત ના મત્સ્યઉદ્યોગ કમિશ્નર દ્વારા વર્ષ ૨૦૦૯ માં દરીયા કાંઠા વિસ્તાર માં થઈ રહેલી ગેરકાયદેસર ઘુસણખોરી, પ્રતિબંધિત માલસામાન ની હેરફેર, પરવાનગીવિનાનીમાછીમારી, ડ્રગ્સ અને દારૂ ની હેરાફેરી સહિત ની તમામ અસામાજીક ઉપર અંકુશ લાવવા માટે રાજ્યભર ના તમામ દરીયા કાંઠા ના જિલ્લાઓમાં મત્સ્યઉદ્યોગ કમિશ્નર કચેરીના માધ્યમ થી ફીશરીઝ ગાર્ડ ની કરાર આધારીત ભરતી કરવામાં આવેલ હતી. ફીશરીઝ ગાર્ડની ભરતી પ્રક્રિયા માં દેશ ની સરહદ પર માતૃભૂમી ની રક્ષા કાજે ફરજ બજાવી ચુકેલા તમામ મીલીટરી અને પેરા મીલીટરી ફોર્સ નિવૃત જવાનો ને પ્રાથમિકતા આપવામાં આવેલ, સૈનિક કલ્યાણ અને પુનઃવસન વિભાગ ની ભલામણ થી તમામ મીલીટરી અને પેરા મીલીટરી ફોર્સ ના નિવૃત જવાનો ને ફીશરીઝ ગાર્ડ તરીકે મત્સ્યઉદ્યોગ વિભાગ દ્વારા કરાર આધારીત નોકરી પર લેવામાં આવેલ હતા. ફીશરીઝ ગાર્ડ તરીકે નોકરી કરતા તમામ નિવૃત સૈનિકો મત્સ્યઉદ્યોગ કમિશ્નર કચેરી ની કામગીરી ની સાથે સાથે દરીયા કાંઠા પર તૈનાત ભારતીય નેવી તેમજ કોસ્ટ ગાર્ડ ના જવાનો ને પણ મદદ કરવાની ફરજ બજાવે છે. ગત તારીખ ૩૧/૦૭/૨૦૨૪ ના રોજ મત્સ્યઉદ્યોગ વિભાગ દ્વારા જુનાગઢ, પોરબંદર, અમરેલી અને ગીર સોમનાથ સહિત ના તમામ સંબંધિત જિલ્લાઓમાં કરાર આધારીત નોકરી કરી રહેલા ફીશરીઝ ગાર્ડ ને છુટા કરવા માટે નોટીસ પાઠવવામાં આવેલ હતી.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

## જૂનાગઢ જિલ્લામાં ક્ષતિગ્રસ્ત નાના-મોટા રોડ, રસ્તાઓનુ મરામત

**જિલ્લા કલેકટર શ્રી રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ તંત્ર દ્વાર રોડ પેચવર્ક**



જૂનાગઢ,

સમગ્ર જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિ બાદ જિલ્લા કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ તંત્ર દ્વારા જિલ્લા તાલુકા, શહેર અને ગામોને જોડતા નાના-મોટા રોડ-રસ્તાઓ ઉપર પાણી ભરાવાના કારણે રસ્તાઓને થયેલ નુકશાનને લીધે જાહેર નાગરિકોને મુશ્કેલી ભોગવવી ના પડે તે માટે સરકારશ્રી દ્વારા મળેલ સુચના અનુસાર તમામ નાના-મોટા રોડ, રસ્તાઓ રિપેરીંગ, મેટલીંગની કામગીરી પૂરજોશમાં કરવામાં આવી રહી છે. વરસાદી પાણીના પ્રવાહને પરિણામે ધોવાણને પામેલા રસ્તાઓ ત્વરિત મરામત કરી જન સમસ્યાઓનું નિયત સમયમર્યાદામાં નિરાકરણ લાવવા વહીવટી તંત્ર દ્વારા કામગીરી હાથ ધરાઈ છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા જિલ્લાના માર્ગો જેવા કેખડીયા-મેંદરડા-સાસણ રોડ, ખામધ્રોળ-મજેવડી-માખીયાળા રોડ, મેંદરડા-ખોરાસા-લુશાળા-ખોખરડા રોડ, વંથલી-માણાવદર-બાંટવા-સરાડીયા રોડ, નરેડી-બોડકા-પીપલાણા રોડ સહિત જિલ્લાના તમામ તાલુકાઓમાં ગ્રામ્ય વિસ્તારો માર્ગોની મરામત કરવામાં આવી રહી છે. આ સંદર્ભે કાર્યપાલક ઈજનેર શ્રી દિનેશ નાઘેરાએ જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત બનેલા રસ્તાઓની મરામત કામગીરીની વિગત આપતા જણાવ્યું હતું કે, બિસ્માર બનેલા માર્ગનું પૂરજોશમાં રીપેરીંગ કામ કરવામાં આવી રહ્યું છે જે વહેલી તકે પૂર્ણ કરી દેવામાં આવશે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

## કચ્છમાં ૪૪ રસ્તા રિપેર કરવા કામગીરી શરૂ



ભુજ, કચ્છમાં ભારે વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રોડ- રસ્તાઓને તત્કાલ અસરથી પૂર્વવત કરવા માટે માર્ગ મકાન રાજ્ય તેમજ પંચાયત વિભાગ દ્વારા ખડેપગે રહીને કામગીરી કરવામાં આવી રહી છે.કચ્છમાં માર્ગ અને મકાન વિભાગ રાજ્યના કુલ ૨૫ રસ્તાઓને ભારે વરસાદથી નુકસાન પહોંચ્યું હતું. જોકે, માર્ગ અને મકાન વિભાગ રાજ્ય દ્વારા ૧૭ રસ્તાઓને યુદ્ધના ધોરણે રાતદિવસ કામગીરી કરીને શરૂ કરવામાં આવ્યા છે. માર્ગ અને મકાન વિભાગના ૮ રસ્તાઓ વોટર ઓવરટોપિંગના લીધે બંધ છે જેને વરસાદી પાણી ઓસરી ગયા બાદ તુરંત શરૂ કરવા માટેની તમામ તૈયારીઓ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. જે પણ રસ્તાઓ બંધ છે ત્યાં વૈકલ્પિક રસ્તાઓ ખુલ્લા હોવાથી ગામડાઓ જિલ્લાના મુખ્યમાર્ગો સાથે કનેક્ટ છે. ભારે વરસાદની પરિસ્થિતિમાં માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકના કચ્છમાં આવેલા કુલ ૭૫ રસ્તાઓને નુકસાન પહોંચ્યું હતું અને તે બંધ થયા હતા. જોકે, અવિરત કામગીરી કરીને પંચાયત વિભાગે ૪૭ રસ્તાઓ બંધ છે જેને પૂર્વવત કરવા યુદ્ધના ધોરણે કામગીરી ચાલુ છે. મોટાભાગના રસ્તાઓ વોટર ઓવરટોપિંગના લીધે બંધ છે પણ કોઈપણ ગામ સંપર્કવિહોણું રહે નહીં તે માટે વૈકલ્પિક રસ્તાઓ નાગરિકો માટે ઉપલબ્ધ છે. આ ઉપરાંત, નેશનલ હાઈવે વિભાગનો પણ એક રસ્તો પાણીનો ભારે પ્રવાહ પસાર થવાના લીધે બંધ છે. પાણી ઓસરી ગયા બાદ તેને પણ પૂર્વવત કરીને જાહેર જનતા માટે ખોલવામાં આવશે.

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦


આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેક્નોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જિજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૦૩-૦૯-૨૦૨૪ મંગળવાર



હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ ક્લોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



આશાપુરા ફર્નીચર

માણેકપરા, લાઠી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૬) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩/૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

### અમરેલી જિલ્લાના વિવિધ વિકાસને લગત પ્રશ્નો ઉકેલવાના હેતુ સાથે

# અમરેલીમાં વિકાસ પ્રશ્ને બેઠક મળી : આવેદન પત્ર અપાયું

### અમરેલીનું એસટી બસ સ્ટેશન શરૂ કરવા, મકાન વેરો, વ્યવસાય વેરા ઘટાડવા, રેલ્વે ઓવર બ્રિજ, પીવાના પાણીનું દરરોજ વિતરણ સહિતના પ્રશ્નો શહેરમાં રખડતા પશુઓનો ત્રાસ, સફાઇ તેમજ લેડિઝ માટે ટોયલેટ બનાવવા, પ્રોપર્ટી કાર્ડ કાઢી આપવા સહિતના મુદે બેઠકમાં ચર્ચા વિચારણા કરાઇ



અમરેલી, અમરેલીમાં વિકાસ પ્રશ્ને નિરાકરણ લાવવા રવિવારે પ્રભુધ્ધ નાગરિકોનીએએકબેઠકમળીહતી. તેમાં અમરેલીનું એસટીબસસ્ટેશનશરૂ કરવા અને મકાન વેરો, વ્યવસાય વેરો ઘટાડવા લાઠી રોડ ફાટક ઉપર ઓવર બ્રિજ બનાવવા, સિટી બસ શરૂ કરવા તેમજ પાલિકા દ્વારા પાણીનું દરરોજ વિતરણ કરવા અને જાહેર રસ્તા ઉપર રખડતાં પશુઓનો નિકાલ લાવવા, કચરો ભરવા અને સાઈડ સફાઈ સહિત પ્રશ્નો ઉકેલવા, ઠેબી ડેમ પુરો ભરવા, લેડિઝ માટે અલગ ટોયલેટ બનાવવા, ઈમ્પેકટ ફિ ભરેલ છતાં પીઆર કાર્ડ અપાતા નથી તે અંગે નિકાલ લાવવા સહિતની માંગણીઓ સાથે અમરેલી કલેકટરને અમરેલી જિલ્લા વિકાસ સમિતિ દ્વારા આવેદન પત્ર આપી રજુઆત કરવામાં આવી હતી.

### દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશ ઉત્સવની તૈયારી રૂપે પેટીયુ રળવા મુર્તિ બનાવનારા કલાકારો આવી પહોંચ્યા

# રાજુલામાં અનેક જાતની મુર્તિઓનું નિર્માણ શરૂ કરતાં મુર્તિ કલાકારો

### કલાત્મક મુર્તિઓ ૧૦૦૦ થી ૫૦ હજાર સુધીની બજારમાં ઉપલબ્ધ : મુર્તિઓની ભારે ખરીદી



રાજુલા,આ વર્ષે સાતમ આઠમનો મેળો ન યોજાતા હવે ગણેશ ઉત્સવ તારીખ ૫ ૯ના રોજ આવી રહ્યો છે બાળકો યુવાધન વડીલો તળાવનાર તૈયારીઓ કરી રહ્યા છે ત્યારે ગણેશની મૂર્તિ બનાવતા કલાત્મક કારીગર એવા વાલાભાઈ સિહોર વાળા જે એક જ કારીગર પરિવાર છે જેમાં ૨૫ માણસો કામ કરી રહ્યા છે રાજુલામાં હું ૨૦ વર્ષથી રહું છું તેમ કારીગરે કહ્યું હતું વાલાભાઈ સિહોરી એ કહ્યું હતું જે અંગે તપાસ કરતા એ વિશિષ્ટ મૂર્તિઓ બનાવી છે તેમણે જણાવ્યું છે કે આ વર્ષે સરકારની મનાઈ હોવાથી ૧૦ ફૂટ ઉપરની મૂર્તિઓ બનાવવામાં આવી નથી તેના અમે આધુનિક અને કલાત્મક ગણેશ અમદાવાદ થી લાવ્યા છીએ કેમ કે અમે પોશીના શકતા હોવાથી બહારથી લાવવી પડે છે અને અહીં પણ ત્રણ મહિનાથી બનાવી રહ્યા છીએ પરંતુ મૂર્તિઓમાં વેચાણમાં પહોંચી ન શકાય ન શકાય તે માટે અમે તૈયાર ૫૦ ટકા લાવ્યા છીએ આ મૂર્તિ આ વર્ષે ગણેશજીની બનાવી ગણેશજીના મોઢા ના આકાર શિવાજી હોય કે શંકર ભગવાન હોય કે મહારાણા પ્રતાપ હોય કે લક્ષ્મીજી હોય અને ઈથી આધુનિક તો અમે ગણેશજી ની મૂર્તિમાં રામ મંદિર પણ બનાવ્યું છે અને ગણેશજી તો ખરા જ પણ માથાનો ભાગ છે તે બધું હોય કલાત્મક રીતે વાપર્યા વિના સફેદ સુનો માટીના આદમી મૂર્તિ બનાવે બીજો માણસ ડિઝાઈન બનાવે ત્રીજો માણસ ડમ જેવા સુના જેવો સિમેન્ટ જેવો પલાળી અને રગડો પાય છે અને ત્યારબાદ કલરના કારીગરો મૂર્તિને કલર ની ડિઝાઈન બનાવી અને જુદા જુદા આકારની મૂર્તિને કલર કામ કરી આખરી આપે આ વર્ષે ૫૦% નાની મૂર્તિ જેની કિંમત ૧૦૦૦થી ૧૦૦૦૦ મૂર્તિ ૧૦૦૦૦થી ૨૫૦૦૦ અને ૧૦ થી ૧૫ ટકા મૂર્તિઓ ૪૦ થી ૫૦,૦૦૦ સુધીને આ વર્ષે મેં મારા ડોનમાં બનાવેલું છે ડોન અને ત્રણ મહિનાથી હું ૨૦ માણસો લઈ મૂર્તિઓ બનાવી રહ્યો છે મને આશા છે કે આ વર્ષે મેં દસ લાખની મૂર્તિઓ બનાવી છે જેમાં મોટી મૂર્તિઓ ઉદ્યોગિક મહારાષ્ટ્રના લોકો લઈ જાય છે જ્યારે મધ્યમૂર્તિ વેપારીઓ લઈ જાય છે અને નાની મૂર્તિઓ દર વર્ષે મારી પાસેથી સ્થાનિક ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા આર્થિક રીતે નબળા ગામડાઓ હોય અને ગણેશજીની મૂર્તિઓ જરૂર હોય તેવા ૧૦૦ ઉપરાંત લોકોને અહીંથી ખરીદી અને મૂર્તિઓ ગ્રામ્ય વિસ્તારમાં ભેટ આપે છે.જે ધ્યાનમાં લઈ નાની મૂર્તિઓ મોટા પ્રમાણમાં બનાવી છે આ મૂર્તિ બનાવવામાં સિહોર થી ખાસ મૂર્તિ બનાવવા રાજુલામાં આવું છું અને અમો વારસાઈ પરિવાર અમારો આખો ગણેશજીની મૂર્તિઓ તૈયાર કરે છે આ મૂર્તિ બનાવવાના કારીગરો મળતા નથી અને નાના છૂટક વેપારીઓ અમારી પાસેથી મૂર્તિઓ લઈ અને ગ્રામ્ય વિસ્તાર કે મોટા સિટીમાં મૂર્તિઓ ભાડે રાખીને કે લારી ગળામાં લઈ જઈ અને વેચાણ કરે છે જ્યારે અમારે તો અહીં દસ વર્ષ થઈ ગયા હોવાથી મૂર્તિઓ લેવા વાળા જે ડમ બનાવેલ છે ત્યાં આવી આજથી લેવાનું ચાલુ કરી દીધું છે અને ઘણા લોકોએ એડવાન્સ પૈસા લઈ અને મૂર્તિઓ રાખવાનું કહી ગયા છે પરંતુ આ વર્ષે ન થયો અને હાલ વરસાદ સંપૂર્ણ બનશે તડકો નીકળ્યો છે એટલા માટે લોકો પણ ફ્રી છે જેથી ગણેશ ની મૂર્તિની માંગ વધારે છે વળી ગણેશને માનતા હોય તો સાથે શંકર ની મૂર્તિ પણ મળી શકે તેવી રીતે ગણેશની ભેગા શિવાજી તથા હનુમાનજી તથા સરસ્વતી તથા પાર્વતી જે મોટી મૂર્તિમાં આવ્યા છે અને જેની કિંમત ૩૫ થી ૫૦ હજાર રૂપિયા છે સત્તા લોકોએ બુક કરાવી ગયા છે બીજી તરફ રાજુલા શહેરમાં આ વર્ષે ૨૫ જેટલા વિસ્તારમાં ગણેશજીની સ્થાપના થશે તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પણ ગણેશજીની સ્થાપના થશે બીજી તરફ રાજુલા માં ગણેશ ઉત્સવ માટે મંડપ નાખવાની પણ તૈયારીઓ શરૂ થઈ છે પોલીસ તંત્ર દ્વારા પણ જે વિસ્તારમાં ગણેશજીની સ્થાપના કરવામાં આવશે તે વિસ્તારનું પણ પેટ્રોલિંગ માટે ટીમો તૈયાર થઈ રહી છે નગરપાલિકાના કાર્યવાહક કામગીરી કરતા રવુભાઈ ખુમાણે પણ જણાવ્યું છે કે મોટાભાગના વિસ્તારોમાં પાંચ તારીખ પહેલા લાઈટો શરૂ કરી દેવામાં આવશે જેથી લોકોને મુશ્કેલી પડે નહીં આમ જોર સોર ગણે ઉત્સવ ઉજવવાની તડામાર મૂર્તિ બનાવતા કારીગર દ્વારા પણ ૨૫ માણસો દ્વારા મૂર્તિઓ તૈયાર થઈ રહી છે બીજી તરફ સોસાયટીના લોકો પણ તૈયારીઓ કરી દીધી છે આમ આ વર્ષે ગણેશજીનું મૂર્તિઓ પણ અલગ ડિઝાઈનમાં હોવાથી લોકો દરરોજ મૂર્તિઓનો ડમ નિહાળવા અને મૂર્તિ પસંદ કરવા યુવક મંડળ તેમજ સંસ્થાઓ તેમજ થાપના કરવી હોય તે લોકો રાજુલામાં એક માત્ર જ મૂર્તિ બનાવતા કારીગર વાલાભાઈ સિહોર વાળા ત્યાં જોવા જઈ રહ્યા છે

### લોક સાહિત્યકાર શ્રી માયાભાઇ આહિરના નિવાસ સ્થાને

# રાજુલામાં હવન યજ્ઞમાં આહુતિ આપતાં શ્રી માયાભાઇ

### દર વર્ષની જેમ પોતાની વાડીમાં હવન યજ્ઞનું આયોજન કર્યુ



રાજુલા, રાજુલાના અનેક આગેવાનો લોકસાહિત્યકાર માયાભાઈ આહીર ના નિવાસ્થાને હવન યજ્ઞનો લાભ લોકસાહિત્યકાર શ્રી માયાભાઈ આહીર બોરડા ગામે તેમના વાડીમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ હવન યજ્ઞ વિદવાન શાસ્ત્રીઓ દ્વારા આખો શ્રાવણ માસ હવનનો કાર્યક્રમ રાખે છે અને માયાભાઈ પોતે મોહન ધારણ કરેલું હોવાથી હવનનો લાભ પણ મેળવે છે આ હવનમાં વિદ્વાન શાસ્ત્રીઓ શાસ્ત્રોત વિધિથી હવન કરતા હોવાથી પંથકના લોકસાહિત્યકાર શ્રી અરવિંદ ભારતી બાપુ બાબરીયાધાર તથા સંતવાણી ના કલાકાર શ્રી શૈલેષ મહારાજ બાર પટોળી પૂર્વ ધારાસભ્ય શ્રી અમરીશભાઈ ડેર તથા ઝાઈટ ગ્રુપ ભુપતભાઈ જોશી તથા ભાજપના શ્રી ભરતભાઈ જોશી તથા રણછોડભાઈ સાવલિયા આદસંગ અનકભાઈ વાળા ખાંભા તથા કવિ શ્રી હેમાળવી શશીભાઈ રાજગુરુ તથા પર્યાવરણ પ્રેમી શ્રી વિપુલભાઈ અનેક આગેવાનો લોકસાહિત્યકાર માયાભાઈ આહીર ના નિવાસ્થાને હવન યજ્ઞનો લાભ મળ્યો લોકસાહિત્યકાર શ્રી માયાભાઈ આહીર બોરડા ગામે તેમના વાડીમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ હવન યજ્ઞ વિદ વાન શાસ્ત્રીઓ દ્વારા આખો શ્રાવણ માસ હવનનો કાર્યક્રમ રાખે છે અને માયાભાઈ પોતે મોહન ધારણ કરેલું હોવાથી હવનનો લાભ પણ છે.આ હવનમાં વિદ્વાન શાસ્ત્રીઓ શાસ્ત્રોત વિધિથી હવન કરતા હોવાથી રાજુલા પંથકના લોકસાહિત્યકાર શ્રી અરવિંદ ભારતી બાપુ બાબરીયાધાર તથા સંતવાણી ના કલાકાર શ્રી શૈલેષ મહારાજ બાર પટોળી પૂર્વ ધારાસભ્ય શ્રી અમરીશભાઈ ડેર તથા ઝાઈટ ગ્રુપ ભુપતભાઈ જોશી તથા ભાજપના શ્રી ભરતભાઈ જોશી તથા રણછોડભાઈ સાવલિયા આદસંગ અનકભાઈ વાળા ખાંભા કવિ શ્રી હેમાળવી શશીભાઈ રાજગુરુ તથા પર્યાવરણ પ્રેમી શ્રી વિપુલભાઈ લહેરી શ્રી મનુભાઈ ધાખડા તથા સુરેશભાઈ મકવાણા તથા બાબુભાઈ કોટીલા બાવકુભાઈ વાળા વગેરે હવન યજ્ઞનો નો લાભ મળ્યો હતો.

### બીજી શેરીમાં ન લાગે એટલે બીએસએનએલ

# રાજુલા પંથકમાં બીએસએનએલનું કવરેજ નહીં મળતાં ઇન્સ્ટુમેન્ટ રમકડા બની ગયાં

### ડીજીએમને અનેક વખત રજુઆત કરી છતાં ઉકેલ આવતો નથી

રાજુલા,રાજુલા તાલુકા બી એસ મોબાઈલ ટાવરનું કવરેજ ન પકડાતા મોબાઈલ ધારકો રોષ રાજુલા માજી ચેમ્બરના બી એસ ડીજીએમ ને પત્ર દ્વારા રજૂઆત રાજુલા વિસ્તારમાં છેલ્લા એક વર્ષથી બી એસ ચેનલ ટાવરના કવરેજ ન આવતા હોવાથી લોકોને પારાવાર મુશ્કેલી પડે છે હવે તો એટલી બધી હદ થઈ છે કે સો ટકા એ પાંચ ટકા બી એસ ચેનલના કાર્ડ લોકો ધરાવે છે અને બેલેન્સ નાખવી હોય પણ એક જ જગ્યાએ બેલેન્સ મળે છે કારણ કે મોટાભાગના લોકો બીએસ ચેનલ કાર્ડથી ભારે નારાજગી છે મોટાભાગના ટાવરો વાવાઝોડામાં નુકસાન થયું તે રીપેરીંગ પણ થયા નથી અને ખાસ કરીને રાજુલાના હવેલી શોક શ્રીજી નગર જવાહર રોડ જાફરાબાદ રોડ નજીક ખાખબાઈ રોડે બીએસ કચેરી પણ આવેલી છે પરંતુ કોઈ જાતનું નેટવર્ક આવતું ન હોવાથી ગમે તેવી સરકાર યોજના બહાર પાડે કે મફત કાર્ડ આપવામાં આવશે તો પણ ગ્રાહકો નેટવર્ક ન આવતું હોવાથી બીએસએલ નું કાર્ડ નાખવા તૈયાર નથી આ પ્રશ્ન રાજુલા ચેમ્બરના માજી પ્રમુખ બકુલભાઈ વોરાએ અમદાવાદ ડીજીએમ ભાવનગર એજીએમ એસટી ઓટી રાજુલા સહિતને પત્ર પાઠવી યુદ્ધના ધોરણે કરવામાં આવે તો કયા વિસ્તારમાં નેટવર્ક આવતું નથી અને શા માટે લોકો બીએસએનના કાર્ડ નાખતા નથી મુખ્યમંત્રી કે વડાપ્રધાન લોકોને સસ્તા ભાવે બીએસસીએલ ચેનલ નો મોબાઈલમાં લાભ મળે તેવી યોજના કાઢી છે પરંતુ સરકારી બાબુઓ આ યોજના રાજુલામાં તો સાકાર થવા દીધી નથી તો યુદ્ધના ધોરણે લોકો અન્ય કંપનીના ના સીમકાર્ડ તરફ વળી રહ્યા છે ત્યારે રાજુલાના લોકોને કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રીની આ યોજના સસ્તા ભાવે મળે છે તેનો લાભ મળે તે માટે વધુ ટાવર અને કવરેજ મળે તે માટે નેટવર્કની તપાસ કરી ઘટતું કરવા બકુલભાઈ વોરાએ માંગણીને કરી છે.

# વડીયા ૧૦૮ની ટીમે સર્પદંશના કેસમાં બાળકને બચાવી લીધો

### બાળકનો જીવ બચી જતાં કામગીરીને બિરદાવી




વડીયા,તારીખ ૩૦/૦૮/૨૦૨૪ના રોજ વડિયા ૧૦૮ ને ખાખરા હડમતીયા (નવા) તા ભેસાણ ગામનો સાપ કરડવા નો કેસ આવેલ.જેમાં પાયલોટ દેવદત્ત પરમાર એ એમ્બ્યુલન્સ ઝડપથી સ્થળ પર પહોંચી, સ્થળ પર બાળક દર્દી સાગર ભકીરામ ખરતે ઉ.વ૦૧, ને ૧૦૮ ના ઈસા સુનીલ લીંબાણી એ તપાસતા, જમણા પગે ઘૂંટી પાસે સાપ ના દાંત ના નિશાન, લોહી, સોજો તેમજ તેની સાથે સાથે ઉંઘ આવવી, આંખો ના પોપચાં ઢળી જવા, ઓક્સિજન ઘટવું ,જેવા ચિન્હો દેખાતા ઝેરી સાપ ના જેર ની અસર જણાય આવતા, અમદાવાદ સ્થિત ૧૦૮ ના ઈઈભ સેન્ટર ના ફિઝિશિયન ઘ સાહેબ ની સાથે વાત કરી દર્દીને યોગ્ય જેર વિરોધી ઈન્જેકશન, આઈવી ફ્લુડ, સ્પિલીન્ટ, ઓક્સિજન આપી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ભેસાણ (જુનાગઢ) તત્કલિક લઈ ગયાં . ૧૦૮ ના ઉપયોગથી અને સારવારથી અમારા દર્દી સમયસર લક્ષણો ઓળખી અને સમય સૂચકતા વાપરી યોગ્ય સારવારના કારણે તેમનો જીવ બચી ગયો છે, તેમનો સંપૂર્ણ યશ અમે વડિયા ૧૦૮ ની એમ્બ્યુલન્સ ને અને તેમની ટીમ ને આપીએ છીએ..

### શિવ કા દાસ કભી ના ઉદાસ

# રાજુલાના શિવભકત ઠેકેદાર દ્વારા ૧૩૩મી સોમનાથ પદયાત્રા

### પદયાત્રાને વિદાયમાન અપાયું : ભાવિકોની ઉપસ્થિતિ



રાજુલા,રાજુલાના શિવ કા દાસ કદી ના ઉદાસ એવા દીપક ઠેકેદારે શ્રી નારાયણ સ્વામી ના હસ્તે ૧૩૩ ની પગપાળા યાત્રાને વિદાય આપી શ્રાવણ માસના છેલ્લા સોમવાર એટલે દીપક ઠેકેદાર ને સોમનાથ જવા માટે આજે રવાના થતા તેમને ફુલહાર પહેરાવી જુના સ્વામિનારાયણ મંદિરના સ્વામી શ્રી નારાયણ સ્વામી ના હસ્તે ઠેકેદારને આજે સોમનાથ જતા દિપક ઠેકેદારે જુના સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી કર્યા સ્વામી શ્રી નારાયણ સ્વામી ના હસ્તે હાર પહેરાવી અને શિવ કા દાસ દિપક ઠેકેદાર ને વિદાય આપી હતી આમ ૧૩૪ મે વાર વિદાય આપતા દિપક ઠેકેદાર રવાના થયા હતા આમ દિપક ઠેકેદાર ક્યારે ઉદાસ ન હોવાથી તેનો શબ્દ છે કે શિવ કા દાસ કદી ના ઉદાસ એ કાયમી લોકો દિપક ઠેકેદાર ના પાડે તો સામેથી આ શબ્દ બોલતા હોય છે દિપક ઠેકેદારે જણાવ્યું કે ભગવાન સોમનાથ એ મને બીમાર પડવા દીધો નથી પગમાં તાકાત આપી છે ત્યારે પ્રભુ કાર્ય અને શિવજીના દર્શન કરવા કરવાથી મારો આખો દિવસ મંગલ થી જાય છે પગ પડવા હાલવાથી આરોગ્ય પણ જળવાય છે જેથી શ્રાવણ માસમાં કે શિવરાત્રીમાં હું સોમનાથ દાદાના દર્શન કરું છું અને સોમનાથ દાદાના મારી ઉપર આશીર્વાદ છે આમ આજે સોમનાથ જતા તેમને શુભેચ્છા પાઠવતા શ્રી સોની મહાજન વેપારી શ્રી ભુપતભાઈ સોની ભાજપ આગેવાન શ્રી રવુભાઈ ખુમાણ શ્રી સીતારામ મઢુલીના સેવક શ્રી કાળુભાઈ ઝાખરા તથા ઉત્સાહી યુવાન એવા અક્ષય ભાઈ ધાખડા તથા માર્કેટિંગ યાર્ડના પ્રમુખ જીગ્નેશભાઈ પટેલ વગેરે શુભેચ્છા ટેલીફોન દ્વારા પાઠવી હતી

### સભાસદવર્ગ, ગ્રાહકો અને આમંત્રીત મહેમાનોની ખાસ હાજરીમાં

# રાજૂલા નાગરિક બેંકની ૫૩મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

## છેલ્લા ૫૦ વર્ષથી રાજુલા પંથકમાં અનેક રીતે સહયોગી થઈ લોકોને પગભર કરવા કામગીરી



રાજુલા, (કનુભાઈ વરૂ)

સૌની એવી નાગરિકસહકારી બેંકની ૫૩મી વાર્ષિક સાધારણ સભા બેંક નાં ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ ધાંખડા નાં અધ્યક્ષ પદે યોજવામાં આવી હતી. જેમાં પધારેલા રાજુલા શહેરનાં અગ્રગણ્ય મહાનુભાવોનું બેંકનાં બોર્ડ ઓફ ડિરેકટર્સ ધ્વારા ઉષ્માસભર સ્વાગત - સન્માન કરવામાં આવેલ હતું તેમજ આ બેંક નાં શેર ભંડોળ, ડિપોઝીટસ તથા ધિરાણ અને ચાલુ નાં નફાની ફાળવણી અને બેંક નાં સચીત બિલ્ડીંગ તથા બેંક ધ્વારા શર કરવામાં આવેલ ઓનલાઈન કામગીરી જેવી વિવિધ કામગીરી તેમજ બેંક ધ્વારા રાજુલા શહેર નાં નાના અને મધ્યમવર્ગ ને સહાયરૂપ થવાની કામગીરી ને બિરદાવવામાં આવી હતી. આ સાધારણ સભામાં નાગરિક બેંક નાં સમગ્ર ડિરેક્ટર્સશ્રીઓ - દિનેશભાઈ પારેખ, બેંક નાં પ્રમુખ બાબસામા કોટીલા, લાલભાઈ મકવાણા અને જુસબભાઈ ભોકીયા, વિનુભાઈ પટેલ, પ્રવિણભાઈ જોશી, મહેશભાઈ વ્યાસ, બાબભાઈ વાણીયા, હિંમતભાઈ ટાંક, ભરતભાઈ મહેતા, કિર્તીભાઈ સોલંકી, મનસુખભાઈ જોશી તથા શ્રી રિતેષભાઈ આદ્રોજા તેમજ બહોળી સંખ્યામાં સભાસદશ્રીઓ, ગ્રાહકવર્ગ અને કર્મચારીગણ સહિત વેપારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. તેમજ રાજુલા શહેર નાં નામાંકિત મહાનુભાવો - ભાનુદાદા બિપીનભાઈ લહેરી, સંજયભાઈ ધાંખડા, રશેશભાઈ ડોબરીયા, બકુલભાઈ વોરા, મનુભાઈ ધાંખડા, અબ્દલભાઈ સેલોત, એ આ ખાસ કાર્યક્રમ માં હાજરી આપી હતી. તેમજ રાજુલા નાં વિવિધ સમાજનાં પ્રતિનીધીએ હાજર રહી બેંકની કામગીરી ને બિરદાવી હતી. આ કાર્યકમ નું સમગ્ર સંચાલન બેંક નાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા. કર્મચારીગણ ધ્વારા કરવામાં હત.

### છેલ્લા પાનાનું
### છેતરપીંડીનાં બનાવો

છે. અને એપ ડાઉનલોડ કરાવવામાં આવે છે. ત્યારબાદ બાજુમાં દર્શાવ્યા મુજબના RunLive AI intelligence નામના વોટ્સએપ ગૃપમાં એડ કરવામાં આવે છે.

ત્યારબાદ બાજુમાં દર્શાવ્યા મુજબના વિવિધ ટાસ્ક પુરા કરવાનું કહેવામાં આવે છે. જેમાં વધારેમાં વધારે લોકોને જોઈનીંગ કરાવવાનું કહી ઉંચા વળતરની લાલચ આપવામાં આવે છે.આ ઉપરાંત લોકોના રીચાર્જ કરાવવાનું કહી વધારે વળતરની લાલચ આપવામાં આવે છે. તેમજ લોકોને ઈન્વેસ્ટમેન્ટના નામે, ટુંકાગાળામાં વધારે વળતરની લાલચ આપી છેતરપીંડીનો ભોગ બનાવવામાં આવે છે.

આમ, સાયબર અપરાધીઓ, લોકોને વિવિધ રજીસ્ટ્રેશન બોનસ, રીચાર્જ બોનસ, ઈન્વેસ્ટમેન્ટ કમિશન વગેરેના નામે ઉંચા વળતરની લાલચ આપી સાયબર ફ્રોડનો શિકાર બનાવવામાં આવે છે. જેથી અમરેલી જિલ્લાની આમજનતાને આવા પ્રકારના સાયબર ફ્રોડથી જાગૃત રહી, તેમજ આપની આસપાસ વસતા સિનીયર સીટીજનો તેમજ લોકોને જાગૃત કરી, સાવચેત રહેવા અનુરોધ કરવામાં આવે છે.

#### સાયબર ક્રાઈમથી બચવા આટલું ધ્યાનમાં રાખો

કોઈપણ બેંક મેનેજર એટીએમ બંધ થવા સંબંધે ક્યારેય ફોન કરતા જ નથી. કોઈ બેંક કે એટીએમ સંબંધે અજાણ્યા ફોન આવે ત્યારે કોઈને બેંકની ડીટેઈલ, એટીએમ કાર્ડ ડીટેઈલ કે ઓટીપી નંબર આપવો નહી.એટીએમ રૂમમાં એટીએમ કાર્ડ દાખલ કરો છો તે સ્લોટ ડુપ્લીકેટ લગાવેલ છે કે નહી ચેક કરી લેવો, તેમજ પાસવર્ડ જુએ નહી તે સારૂ એટીએમ રૂમમાં અન્ય કોઈ વ્યક્તિને પ્રવેશ થવા દેવા નહી.મોબાઈલ ઈનબોક્ષમાં પૈસા જમા કે કપાતનો કોઈ ફ્રોડ મેસેજ આવે તો બેંક સિવાય ક્યાંય ખરાઈ કરવી નહી.કૌન બનેગા કરોડપતિ કે અન્ય કોઈ લોટરીના નામે ક્યારેય પૈસા ભરવા નહી.અજાણ્યા ફોન દ્વારા આધારકાર્ડ અપડેટ કે મોબાઈલ સીમકાર્ડ વેરીફીકેશન કરવાના બહાને કોઈ માહિતી શેર કરવી નહી. ઓછા વ્યાજદરની લોન કે લોભામણી જાહેરાત માટે ક્યારેય કોઈ લીંકમાં પર્સનલ માહિતી સબમીટ કરવી નહી.નોકરી આપવાની જાહેરાત માટે કોઈ વેબસાઈટમાં બાયોડેટા કે બેંક ડીટેલ સબમીટ કરવી નહી. વેબસાઈટમાં ઓનલાઈન વાહન ખરીદી જેવા કિસ્સાઓમાં કોઈ આર્મી તરીકેની ઓળખ આપી ફ્રોડ કરતા હોય છે, ત્યારે ઓનલાઈન પેમેન્ટ કરવું જ નહી. ગુગલ વેબસાઈટમાં ક્યારેય ગુગલ-પે, ફોન-પે, પેટીએમ કે અન્ય એપ્લીકેશનના કસ્ટમર કેર નંબર સર્ચ કરવા નહી.જે તે એપ્લીકેશનમાં જ કસ્ટમર કેર નંબર દર્શાવેલ હોય છે. મોબાઈલ ટાવરના બહાને ફેક લેટરપેડ મોકલી ખોટી લાલચ આપતી ટોળકીથી સાવધ રહો. ફેસબુક, જી-મેઈલ જેવા સોશ્યલ મિડીયામાં એકાઉન્ટ સેટીંગ અને પાસવર્ડ સિક્યુરિટી સ્ટ્રોન્ગ રાખવી.

### પહેલા પાનાનું
### જોબ નંબર

નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરીયા દ્વારા સદર રોડ ને વાઈડનીંગ તથા માટી મેટલ કામ માટે રજૂઆત કરવામાં આવતા મૃદુ અને મક્કમ એવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સદર રોડ માટે ૮૫૦ લાખ જેટલી માતબર રકમ મંજૂર આવી હતી. સદર રોડ ની હાલની પહોળાઈ ૩.૭૫ મી હતી જેને હવે વાઈડનિંગ કરીને ૫.૫૦ મી કરવામાં આવશે .સદર રોડનો જોબ નંબર ફાળવવામાં આવતા શ્રી કૌશિક વેકરીયા માન. મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યકત કરી અખબાર યાદીમાં જણાવે છે.

---

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી**
**અપીલ રજી. નં. ૨૬-૨૦૨૪**

અરજદાર : શ્રી મનુભાઈ હંસરાજભાઈ ગોંડલીયા રહે.વિઠલપુર, તા.જી.અમરેલી
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી ચકકરગઢ ગ્રામ પંચાયત તા.જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચકકરગઢ ગામના મનુભાઈ હંસરાજભાઈ ગોંડલીયાએ તેઓની ભત્રીજી મંજુલાબેન પરષોતમભાઈનો જન્મ તા.૦૧-૦૧-૧૯૫૯ ના રોજ થયેલ હોવા ની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯-૦૨-૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટના સીક્કા કરી આપ્યા

કોર્ટનો સિક્કો

સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ
અમરેલી

---

**ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ કરતા પહેલા જાહેર જનતાની જાણ માટેની નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર શ્રી એસ.એસ.જામ, એડવોકેટ એન્ડ નોટરી ધારીના આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ આપી જાણ કરીએ છીએ કે,

| ક્રમ | ખેતીની જમીનનું વર્ણન | જમીન માલીકનું નામ |
|---|---|---|
| ૧ | મોજે માણાવાવ, તા.ધારી, જી.અમરેલી એ ગામની ખેતીની જમીન ખાતા નં.૮૮, સર્વે નં.૩૧૮ પૈકી ૨૨ હેક્ટર : ૩.૨૩.૭૫ | દેવશીભાઇ માણસુરભાઇ ખેતરીયા<br>સોનાબેન નાનજીભાઇ ખેતરીયા<br>શાંતાબેન નાનજીભાઇ ખેતરીયા<br>કેશુભાઇ નાનજીભાઇ ખેતરીયા<br>રેણુકાબેન નાનજીભાઇ ખેતરીયા |

ઉપરોક્ત સર્વે નંબરવાળી ખેતીની જમીન અમારા અસીલ હાલના જમીન માલીક પાસેથી કાયદેસરના વેચાણ દસ્તાવેજથી ખરીદ કરવા સોદો ચોકકસ કરેલ છે. સદરહુ ઉપરોક્ત સર્વે નંબરવાળી જમીન સબંધે કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારે કાંઇપણ લાગભાગ, હકક, હિત, હિસ્સો સમાયેલો હોય અગર તો સદરહુ જમીન સબંધે કોઇપણ વ્યક્તિ કે સંસ્થા કે નાણાકીય સંસ્થાનું અગર તો સરકારી, સહકારી બેંક, મંડળી વિગેરેનું કોઇનું કાંઇપણ કરજ, લ્હેણુ, ગીરો કે અન્ય કોઇપણ પ્રકારે કાંઇપણ લ્હેણ, દેણ, માલીકી હકક દાવો વિગેરે જે કાંઇ હોય તેઓએ તેના તમામ લેખીત દસ્તાવેજી આધાર પુરાવા નોટરાઇઝડ કરી કરાવરાવી આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ માં નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી.પત્રથી અમોને મોકલી આપવા આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાહેર જનતાને જાણ કરીએ છીએ. સમય મર્યાદામાં કોઇપણ વ્યક્તિ કે નાણાકીય સંસ્થા તરફથી કાંઇપણ કાયદેસરના વાંધા તકરાર રજુ કરવામાં કસુર થયે ઉપરોક્ત સર્વે નંબરવાળી જમીન ઉપર કોઇપણ વ્યક્તિનું કે સરકારી, સહકારી બેંક, મંડળીનું કાંઇપણ લ્હેણ, દેણ, માલીકી હકક દાવો નહી હોવાનું માની મુદત વિત્યે અમારા અસીલ ઉપરોક્ત સર્વે નંબરવાળી જમીનનો કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રેશન કરાવવા માટેની નિયમાનુસારની જરૂરી કાર્યવાહી કરશે અને જમીનનો કાયદેસર વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં નોંધણી કરાવશે. મુદત વિત્યે આવેલ વાંધા તકરાર કે હકક દાવો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી તેની સર્વ જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

ધારી, તા.૦૨-૦૯-૨૦૨૪
પત્ર વ્યવહારનું સરનામું :-
શ્રી એસ.એસ.જામ (એડવોકેટ એન્ડ નોટરી)
ઠે.યોગીનગર, મુ.ધારી, જી.અમરેલી મો.૯૩૨૭૦ ૨૭૧૮૬

એસ.એસ.જામ
એડવોકેટ એન્ડ નોટરી - ધારી

---

**ભાવભરી શ્રધ્ધાંજલી**



**સ્વ.સામતભાઇ ખોડાભાઇ રાતડીયા**
(પ્રમુખશ્રી : ખંભાળા સે.સ.મં.લી.) સ્વ.તા.૨૮-૦૮-૨૦૨૪

જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત, એ સનાતન સત્ય હોવા છતા કેટલાક મૃત્યુ એવા હોય છે કે તેના ઘાવ કદી રૂઝાતા નથી.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી.
પરેશભાઇ સરવૈયા - (મંત્રીશ્રી : જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચો)
સાગરભાઇ સનાભાઇ સુસરા - (સંતકૃપા ઇન્ડસ્ટ્રીઝ)
લખનભાઇ રાજાભાઇ રાણીંગા


---

ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
બોનાઝા બેન્કવેટ
કલાપી બેન્કવેટ
ગુલમહોર ફંકશન હોલ
લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન • ડાયરો મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન • બેસણું • પ્રાર્થનાસભા
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.
સંપર્ક : પિનાકીન ચિત્તલીયા
મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ
નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

---

**દ્વિતીય વાર્ષિક પૂણ્યતિથીએ**
**ભાવભરી શ્રધ્ધાંજલી**



**સ્વ.ભાણાભાઇ હમીરભાઇ સાંખટ (ઉ.વ.૭૨)**
સ્વ.તા.૨-૯-૨૦૨૨, શુક્રવાર (મુ.વિક્ટર)
જી.એસ.સી.એલ.ડ્રાઇવર

**દસમી વાર્ષિક પૂણ્યતિથીએ**
**ભાવભરી શ્રધ્ધાંજલી**



**સ્વ.જયશ્રીબેન ભાણાભાઇ સાંખટ (ઉ.વ.૫૭)**
સ્વ.તા.૧૫-૬-૨૦૧૪, રવિવાર
(મુ.વિક્ટર)

એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએ ને તમારા દર્શન થઇ જાય,
હજુ જરૂર હતી તમારી અમને ત્યાં કુદરત લઇ ગયો તાણી,
હે કુદરત એ અમાનત અમારી છે, રાખજે તુ એમને સંભાળી,
તારા માટે એ આત્મા હશે પણ એ જ જીંદગી અમારી હતી.
સદગુરૂ એમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

લી.

જગદીશભાઇ ભાણાભાઇ સાંખટ (જે.બી.) (પુત્ર) — ચેતનાબેન જગદીશભાઇ સાંખટ (પુત્રવધુ)
જીતેન્દ્રભાઇ ભાણાભાઇ સાંખટ (પુત્ર) — રેખાબેન જીતેન્દ્રભાઇ સાંખટ (પુત્રવધુ)
નરેન્દ્રભાઇ ભાણાભાઇ સાંખટ (લાલો) (પુત્ર) — હર્ષાબેન નરેન્દ્રભાઇ સાંખટ (પુત્રવધુ)
યાજ્ઞીક જગદીશભાઇ સાંખટ (પૌત્ર) — નમ્રતા જગદીશભાઇ સાંખટ (પૌત્રી)
કેવલ જીતેન્દ્રભાઇ સાંખટ (પૌત્ર) — પુજા જીતેન્દ્રભાઇ સાંખટ (પૌત્રી)
રૂદ્ર નરેન્દ્રભાઇ સાંખટ (પૌત્ર)
ગીતાબેન ભાણાભાઇ સાંખટ (પુત્રી) — રાહુલભાઇ ભીખાભાઇ રાઠોડ (જમાઇ)
સિધ્ધાર્થ રાહુલભાઇ રાઠોડ (ભાણેજ) — ધ્રુવ રાહુલભાઇ રાઠોડ (ભાણેજ)
જયશ્રીબેન અનિલભાઇ ચૌહાણ (પુત્રી) — અનિલભાઇ પોપટભાઇ ચૌહાણ (જમાઇ)

તથા સાંખટ પરિવાર, મુ.વિક્ટર, તા.રાજુલા

---

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી
Appointment Now M.8238599299

અરોમા પ્રિમીયમ બોડી સ્પા
AROMA PREMIUM BODY SPA
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઇઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઇન્મેન્ટ માટે- M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુકતીધામ સામે, કેરીયારોડ, બાયપાસ ચોકડી પાસે, - અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa
ડ્રીમ ફેમેલી સ્પા
Ladies & Gents
ભાઇઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.
Appointment Now Mo.8160832025

પ્રોફેશનલ ફેમીલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
PROFESSIONAL spa
ભાઇઓ માટે એક સાથે એક ફ્રી
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
એપોઇન્ટમેન્ટ માટે : Mo.70169 65665

